Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

भो भद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सत्स्वप्यस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्र! निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः। तन्न युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमलजालं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त सज्ज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. પોષ. સં. ૧૯૭૧. શાકે ૧૮૩૬. અંક ૧૦ મો.

# मांस भक्षण निषेधकपद.

માનમાયાના કરનારા રે, જરી જોને તપાસી તારી કાયા—એ રાગ.

તજો માંસ ભક્ષણ નરનારી રે, જરી જુઓ વિવેકે વિચારી.
હિંસા વિના કદી માંસ મળે નહિ, હિંસા નરકની બારી;
માંસ ભક્ષણ કરનારને મનુએ, કીધા નરક અધિકારી રે. જરી૦ ૧
દે મત, મારે, કાપે, લે, રાંધે, ખાય, વેચે, ભોજ, ધારી;
પ્રાણીના ઘાતક આઠ કહ્યા એ, જોઈ લ્યો મનુસ્મૃતિ સારી રે. જરી૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદો ને સ્વચ્છ ખોરાક નિરોગી, અન્ન ફળાદિક ધારી;
આરોગીએ તો આરોગ્ય થઈએ, માંસની બદબો નકારી રે. જરી૦ ૩
પ્રાણીને મારીને કબર ન કરીએ, નિજ પેટમાં નરનારી;
હઝરત અલ્લી સાહેબ બોલે, જો જો ઇસ્લામી વિચારી રે. જરી૦ ૪
જરથોસ્તી ખ્રિસ્તી ધર્મે દયાની, વાત દાખી બહુ સારી;
**સાંકળચંદ** પ્રાણી પ્રાણ બચાવા, માંસ તજો નરનારી રે. જરી૦ ૫

# शिकार निषेधकपद.

વહાલા વેગે આવોરે, દયા દીલે લાવો રે–એ રાગ.

શૂરા ક્ષત્રી રાજારે, દયા ધર્મે તાજારે, જીવ શિકાર ન ખેલીએ હો જી,
મૃગયા રમતાં પ્રાણીની હિંસા થાય. જીવ૦ ટેક.

## સાખી.

સકળ પ્રજા રાજાતણી, પશુ ને માનવ હોય;
ન્યાય થાય માનવતણો, પશુનો ન્યાય ન હોય.
નિર્દોષી પશુ પંખી માગે છે ન્યાય. જીવ૦ ૧

શો અપરાધ કરે પશુ, તૃણ જળ ફાસુ ખાય;
વસ્તીમાં ભીડ નવ કરે, પંખી ગગન પલાય.
તો શા વાંકે રાંકને મારો અન્યાય? જીવ૦ ૨

ગમ્મત રમ્મત એકને, જાય એકના પ્રાણ;
વિચાર વીરા મન કરો, સૌના પ્રાણ સમાન.
પરને પિડતાં આપણા પ્રાણ પિડાય. જીવ૦ ૩

શસ્ત્ર રહીત તરણાં ભખે, નાસે શરણ નિવાસ;
અવધ્ય શત્રુ છતાં કહ્યો, ક્ષત્રી ધર્મ એ ખાસ.
શસ્ત્ર રહીત પશુ અશરણ તરણાં ખાય. જીવ૦ ૪

અન્ન ફળો સોંઘાં મળે, સ્વચ્છ નિરોગી આહાર;
રોગી ગંદા માંસને, તજી કરીએ ન શિકાર.
રક્ષક ક્ષત્રી ધર્મ **સાંકળચંદ** ગાય. જીવ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मोहमायास्वरुप.

રાગ-આશાવરી.

માયા મહા ઠગણી મેં જાની મા૦
ત્રિગુણ ફાંસા લેઈ કર ડોરત, બોલત અમૃત બાની. મા૦ ૧
કેશવ ઘર કમલા હોઇ બેઠી, શંભૂ ઘર ભવાની;
બ્રહ્મા ઘર સાવીત્રી હોઈ બેઠી, ઇંદ્ર ઘર ઇંદ્રાણી. મા૦ ૨
પંડિતકું પોથી હોઈ બેઠી, તીરથીયાકું પાની;
યોગી ઘર ભભૂત હોઈ બેઠી, રાજાકે ઘર રાની. મા૦ ૩
કીને માયા હીરા કર લીનો, કીને ગ્રહી કોરી જાની;
કહુત વિનય સુનો અબ લોકો, ઉનકે હાથ બિકાની. મા૦ ૪

# ज्ञानसार सूत्र विवरण.

## ॥ योगाष्टकम् ॥ २७ ॥

યોગ-અભ્યાસવડે મુમુક્ષુ જનો સુખે સ્વાત્માનુભવ કરી શકે છે; તેથી પ્રસંગાગત યોગ-સ્વરૂપ નિરૂપણ કરવા ગ્રંથકાર ઉપક્રમ કરે છે.

मोक्षेण योजनाद्योगः, सर्वोऽप्याचारइष्यते ॥
विशिष्य स्थानवर्णार्थालंबनैकाग्र्यगोचरः ॥ १ ॥

**ભાવાર્થ**—જીવને અક્ષય-મોક્ષસુખ સાથે જોડી આપે-અક્ષય સુખ મેળવી આપે એવો સર્વ સદાચાર 'યોગ' ના નામથી ઓળખાય છે. તેના મુખ્ય પાંચ પ્રકાર આ પ્રમાણે કહ્યા છે. ૧ સ્થાન (આસન-મુદ્રા વિશેષ) ૨ વર્ણ (અક્ષર વિશેષ) ૩ અર્થ. ૪ આલંબન (પ્રતિમાદિ) અને ૫ એકાગ્રતા (મનની નિશ્ચળતા.) ૧

कर्मयोग द्वयं तत्र, ज्ञानयोग त्रयं विदुः ॥
विरतेष्वेव नियमाद्, बीजमात्रं परेष्वपि ॥ २ ॥

**ભાવાર્થ**—તેમાં પુર્વલા બે કર્મયોગ કહેવાય છે, અને પાછલા ત્રણ જ્ઞાનયોગ કહેવાય છે. આ યોગ-સાધન-યોગાભ્યાસ વિરતિવંત (નિવૃત્તિશીલ) માં નિશ્ચયથી હોય છે, અને બીજમાત્ર તો અનેરામાં પણ હોય છે. એ વચનમાં એવો ધ્વનિ છે કે યોગ અભ્યાસના અર્થીજનોએ નિવૃત્તિશીલ અવશ્ય થવું જોઈએ. ચિત્તની સ્વસ્થતા અને સ્થિરતા રાખવી એ યોગાભ્યાસી જનોને અત્યંત હિતકારી છે. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कृपानिर्वेदसंवेग–प्रशमोत्पत्तिकारिणः ॥

भेदाः प्रत्येकमत्रेच्छा–प्रवृत्तिस्थिरसिद्धयः ॥ ३ ॥

**ભાવાર્થ**—આ પાંચે પ્રકારના યોગમાં પ્રત્યેકના કૃપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ-શીતલતાને કરનારા ૧ ઇચ્છા, ૨ પ્રવૃત્તિ, ૩ સ્થિરતા અને ૪ સિદ્ધિ એવા ચાર ચાર ભેદો કહેલા છે. તે દરેકનું લક્ષણ આ પ્રમાણે કહેલું છે. ૩.

इच्छा तद्वत्कथाप्रीतिः, प्रवृत्तिः पालनं परः ॥

स्थैर्यं बाधकभीहानिः, सिद्धिरन्यार्थसाधनं ॥ ४ ॥

**ભાવાર્થ**—તેવા યોગ-અભ્યાસીઓની કથામાં રૂચિ-પ્રીતિ થાય તે ઇચ્છાયોગ. ઉક્ત યોગનું પાલન કરવામાં તત્પરતા થાય તે પ્રવૃત્તિયોગ. તે યોગનું સેવન કરતાં અતિચારાદિક દૂષણ લાગે નહિ–દૂષણ લાગવાની બીક પણ રહે નહિ તે સ્થિરતાયોગ; અને પોતાને યોગની સિદ્ધિ થવા પૂર્વક અન્ય (ભવ્ય) જીવોને પણ યોગની પ્રાપ્તિ કરાવવી તેનું નામ સિદ્ધિયોગ સમજવો. ૪.

अर्थालंबनयोश्चैत्य–वंदनादौ विभावनं ॥

श्रेयसे योगिनः स्थान–वर्णयोर्यत्नएव च ॥ ५ ॥

**ભાવાર્થ**—પૂર્વોક્ત યોગોમાં અર્થયોગ અને આલંબનયોગનું ચૈત્યવંદન, તથા ગુરૂવંદનાદિક કરતાં ચોકસ લક્ષ રાખવું. તેમાં તથા સ્થાન-(મુદ્રા) યોગ અને વર્ણયોગમાં યોગી પુરૂષે સ્વશ્રેય માટેજ પ્રયત્ન કરવો જરૂરનો છે. ઉક્ત યોગસેવનમાં જેમ અધિક પ્રયત્ન તેમ એકાગ્રતા દ્વારા અધિક શ્રેય સધાય છે. ૫

आलंबनमिह ज्ञेयं, द्विविधं रूप्यरूपि च ॥

अरूपिगुणसायुज्यं, योगोऽनालंबनं परः ॥ ६ ॥

**ભાવાર્થ**—આલંબન બે પ્રકારે છે. ૧ રૂપી અને ૨ અરૂપી. તેમાં જિનમુદ્રાદિક **રૂપી** આલંબન છે. અને અરૂપી એવા સિદ્ધ ભગવાનના અનંત જ્ઞાનાદિક ગુણોમાંજ એકાગ્ર ઉપયોગ જોડી દેવો તે **અરૂપી** આલંબન છે. તેનું બીજું નામ નિરાલંબન યોગ છે. અનાલંબન યા નિરાલંબન યોગ ઉત્કૃષ્ટ યોગ છે. ૬.

प्रीतिभक्तिवचोऽसंगैः, स्थानाद्यपि चतुर्विधं ॥

तस्मादयोगयोगाप्ति–र्मोक्षयोगः क्रमाद् भवेत् ॥ ७ ॥

**ભાવાર્થ**—વળી પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ ભેદે કરીને સ્થાનાદિ યોગ ચાર ચાર પ્રકારે છે. પૂર્વોક્ત ઇચ્છાદિક ચાર પ્રકારવાળા સ્થાનાદિક પાંચે યોગોના બધા મળી ૨૦ ભેદ થાય છે. અને તેમના પ્રત્યેકે પ્રીતિ વિગેરે ચાર ચાર ભેદ ગણતા યોગના ૮૦ ભેદ થાય છે. તેથકી અયોગ-નિરાલંબન યોગની અનુક્રમે પ્રાપ્તિ થતાંજ મોક્ષ યોગની-અક્ષય અવ્યાબાધ સુખની સંપ્રાપ્તિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ સમજી મોક્ષાર્થી સજ્જનોએ ઉપર બતાવેલાં યોગનાં અંગોનું આદરથી સેવન કરવું ઘટે છે; કેટલાંક અનુષ્ઠાન પ્રીતિપૂર્વક અને કેટલાંક ભકિતપૂર્વકજ કરવાનાં કહ્યાં છે. જેમકે દેવવંદન, ગુરૂવંદન વિગેરે ભકિતપૂર્વક કરવાનાં છે અને પ્રતિક્રમણ, કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ), પચ્ચખ્ખાણ વિગેરે પ્રીતિપૂર્વક કરવાનાં છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને લક્ષમાં રાખી સર્વજ્ઞકથિત સિદ્ધાન્ત વચનને અનુસરીને વિધિપૂર્વક ધર્મવર્તન કરવું તે વચન અનુષ્ઠાન કહેવાય છે. પૂર્વોક્ત પ્રીતિ–ભક્તિયુક્ત વચનઅનુષ્ઠાનને યથાવિધ આચરતાં અનુક્રમે અભ્યાસબળથી મન–વચન–કાયાની એકાગ્રતા સધાતાં સાધકને સહજ સ્વાભાવિક અસંગ ક્રિયાનો અપૂર્વ લાભ મળે છે. અસંગ ક્રિયા સાધનારને મોક્ષ સુલભ છે. માટે મોક્ષાર્થી જનોએ મન, વચન અને કાયાના યોગોને પરભાવમાં જતાં વારી સ્વભાવસન્મુખ કરવા જોઇએ. પૌદ્ગલિક સુખની ઇચ્છા તજીને સહજ આત્મ સુખમાંજ પ્રીતિ કરવી જોઇએ, અને કરવામાં આવતી પ્રત્યેક ધર્મક્રિયાના પણ પવિત્ર હેતુ–ફલ સંબંધી સારી સમજ મેળવી તેમાં યોગ્ય આદર કરવો જોઇએ તથા જેમ બને તેમ અવિધિ દોષ તજી વિધિરસિક થવું જોઇએ. અવિધિ દોષોને યથેચ્છ સેવનારા સૂત્ર વાંચના માટે પણ અયોગ્ય છે એમ શાસ્ત્રકાર બતાવે છે. ૭.

**स्थानाद्ययोगिनस्तीर्था–च्छेदाद्यालंबनादपि ॥**
**सूत्रदाने महादोष, इत्याचार्याः प्रचक्षते ॥ ८ ॥**

**ભાવાર્થ**—ઉક્ત સ્થાનાદિક યોગનો અનાદર કરનારા અને સ્વચ્છંદે ચાલનારાને સૂત્ર–દાન દેવામાં મોટો દોષ છે, એવો સમર્થ આચાર્યોનો અભિપ્રાય છે. શાસનનો ઉચ્છેદ થઇ જશે એવી બીકથી પણ પ્રભુની પવિત્ર આજ્ઞાથી વિમુખ ભાવે વર્તનારાને શાસ્ત્ર શિખવવામાં મોટામાં મોટું પાપ કહ્યું છે. ૮.

**વિવેચન**—યોગનો આ અતિ મહત્વનો વિષય આપણે જરા વિવેચન કરી સમજવા યત્ન કરીએ. મોક્ષસુખ સાથે જીવને જોડી આપે તેને યોગ કહેવાય, એવી યોગની વ્યાખ્યા બતાવી તે બહુ મનન કરવા યોગ્ય છે. પરંપરા સાધ્ય–અંતિમ લક્ષ્યસ્થાન મોક્ષ હોવાથી તેને જોડી આપનારને યોગ કહેવામાં આવે છે, તે યોગની ઇતિકર્ત્તવ્યતા સૂચવે છે. આ વ્યાખ્યાને મળતી વ્યાખ્યા યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરિએ આપી છે, જે પણ વિચારવા યોગ્ય છે. તેઓશ્રી કહે છે કે "અયોગને યોગોમાં ઉત્કૃષ્ટ યોગ કહેવામાં આવે છે અને તે મોક્ષની સાથે જોડનાર છે. સર્વ સંન્યાસ એ તેનું સ્વરૂપ છે." પતંજલિ યોગની વ્યાખ્યા કરતાં કહે છે કે 'ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ' એ વાત જૈન માનસશાસ્ત્રને અનુકૂળ નથી એ પણ અત્ર જણાવી દેવું પ્રાસંગિક ગણાશે. ઉપર યોગની જે વ્યાખ્યા બતાવી છે તે તો શબ્દની વ્યુત્પત્તિ સાથે પણ બરાબર મળતી આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન અને વર્ણયોગને કર્મયોગમાં ગણવામાં આવ્યા અને અર્થ, અવલંબન અને એકાગ્રતાને જ્ઞાનયોગમાં ગણવામાં આવ્યા પછી એક બહુ અગત્યની વાત બતાવી તે પર ધ્યાન ખેંચવા યોગ્ય છે. આ યોગો વિરતિભાવ ધારણ કરનારને એટલે ત્યાગ ભાવ આદરનાર-ગ્રંથિભેદ કરનાર ઉચ્ચ દૃષ્ટિવાન્ પ્રાણીને અવશ્ય પ્રાપ્ત થયેલા હોય છે અને તેમાં જોકે તરતમતા હોય છે, પરંતુ તેનો સદ્‌ભાવ તો જરૂર હોય છે. યોગ પ્રાપ્તિની શરૂઆત પ્રાણી જ્યારે આસન્નસિદ્ધ દશામાં આવે છે ત્યારે થાય છે, તે પહેલાં તેને તેની પ્રાપ્તિ થતી નથી. અંતિમ પુદ્‌ગલ પરાવર્તમાં જ્યારે પ્રાણી આવે છે ત્યારે તેની પ્રગતિ બહુ જોસથી આગળ વધે છે અને તેમાં તેને યોગપ્રાપ્તિ થતી જાય છે અને જ્યારે સમ્યગ્ બોધ થવા સાથે ગ્રંથિનો ભેદ થાય ત્યારે ઉન્નતિક્રમમાં તે બહુ આગળ પડતો ભાગ ભોગવે છે. આ ગ્રંથિભેદ પૂર્વ યોગો બીજમાત્ર હોય છે અને સમ્યક્ત્વ પ્રાપ્તિ થયા પછી તે વિશેષ વ્યક્ત રીતે જણાઇ આવે છે. જેમ જેમ ગુણ શ્રેણિ વધતી જાય છે તેમ તેમ યોગમાં પ્રગતિ થતી જાય છે.

અહીં કૃપા, નિર્વેદ, સંવેગ, અને પ્રશમને ઉત્પન્ન કરનાર યોગ છે એમ કહ્યું તે ચારે ગુણો બહુ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. સમ્યક્ત્વના પાંચ લિંગ બતાવ્યાં છે એટલે અમુક પ્રાણીમાં સમ્યક્ત્વ છે કે નહિ તેનો નિર્ણયસૂચક પાંચ ચિન્હો બતાવ્યાં છે તે પૈકી આ ચારે લિંગ છે અને પાંચમા આસ્તિક્ય નામના લિંગને ઉપલક્ષણથી સાથે સમજી લેવું એમ અત્ર અનુમિતિ છે.

યોગના આઠ અંગોમાં પ્રથમ અંગ યમ નામનું છે. એના ચાર વિભાગો યોગાચાર્યો બતાવે છે. તે આ પ્રમાણે-ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિર અને સિદ્ધિ. જે પ્રાણીઓએ યમ કરેલો હોય તેની કથા સાંભળવામાં આનંદ આવે અને તેવા યમ કરવાની ઇચ્છા થાય તેને પ્રથમ ઇચ્છાયમ કહેવામાં આવે છે. અહીં હજુ વિચારણામાં યોગ છે, તે સારા છે, કર્તવ્ય છે, આદરણીય છે એટલી બુદ્ધિ આ પ્રાથમિક યમમાં થાય છે. ત્યાંથી પ્રગતિ કરતાં ઉપશમભાવપૂર્વક યમનું પાલન કરવામાં આવે તેને બીજો પ્રવૃત્તિ યમ કહેવામાં આવે છે. અહીં જે પાલન થાયછે તે પ્રાથમિક પ્રકારનું સમજવું. પ્રવૃત્તચક્ર યોગીઓમાં આ પ્રથમના બે યમો હોય છે. ક્ષયોપશમ ભાવથી અતિચારાદિ દૂષણ ન લાગે તેવી રીતે યોગની પ્રક્રિયા કરવી તે સ્થિર યમ છે. અહીં પ્રકૃતિથી પ્રાણીની એવી સુંદર દશા થઇ જાય છે કે એની વર્તનામાં અતિચાર દૂષણ લાગે તેવું રહેતું નથી, ઉપયોગપૂર્વક વર્તન તે કરે છે અને તેથી બાધકનો તેને ભય લાગતો નથી. શુદ્ધ અંતરાત્મ દશામાં ઉત્કૃષ્ટ સિદ્ધિ સાધકયોગની અચિંત્ય વીર્યોલ્લાસપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે તેને ચોથો સિદ્ધિયમ કહેવામાં આવે છે. આ ચારે યમો અનુક્રમે યોગમાં વિશેષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ પ્રગતિ બતાવે છે. એના ઉપરથી યોગમાં કાર્યક્રમ કેવા પ્રકારનો રાખવામાં આવ્યો છે તે પણ જણાય તેવું છે. પ્રથમ વિચાર સુંદર થાય, શુભ વસ્તુને ઓળખાય, પછી તેના તરફ આદર થાય, પછી તેનું પાલન થાય, પછી વિશેષ પાલન થાય, અને પછી પાલન કરવામાં અતિ આનંદ આવે અને તેમાંજ કર્તવ્યપૂર્ણતા મનાય. યમો પાંચ પ્રકારના પણ ગણવામાં આવે છે અને તે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગરૂપ છે. અત્ર જે યમ બતાવ્યા છે તે પ્રત્યેક પ્રગતિદર્શક હોઇને બહુ આનંદદાયક હકીકત સમજણમાં લાવે તેવા છે.

સ્થાન વિગેરે પાંચ પ્રકારના યોગોને અંગે પ્રત્યેકના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એવા ચાર ચાર વિભાગ પાડવામાં આવ્યા છે તે પણ બહુ મનન કરીને સમજવા યોગ્ય છે. એ ચાર વિભાગો હરિભદ્રસૂરિ મહારાજના બનાવેલા ષોડશક ગ્રંથાનુસાર છે. સ્ત્રીનું પોષણ જેમ રાગથી કરવામાં આવે છે તેવી રીતે પ્રીતિથી રાગપૂર્વક અનુષ્ઠાન કરવાં તે પ્રીતિ અનુષ્ઠાન નામના પ્રથમ વિભાગમાં આવે છે. અહીં પ્રશસ્ય રાગ થાય છે, તે જોકે ત્યાજ્ય છે પણ સાંસારિક રાગની અપેક્ષાએ સુંદર છે અને પ્રગતિ માર્ગમાં રાગનો સર્વથા ત્યાગ થવા પહેલાં સુંદર અનુષ્ઠાનો તરફ પ્રીતિ થવાની જરૂર છે. માતાનું ભરણ પોષણ ભક્તિથી થાય છે તેવી રીતે ભક્તિપૂર્વક અનુષ્ઠાન કરવાં તે બીજો ભક્તિ અનુષ્ઠાન વિભાગ છે. અહીં પણ રાગ છે પણ તે પ્રશસ્ય છે અને તેમાં મહત્તાનો અંશ રહેલો છે. શાસ્ત્ર અથવા શિષ્ટ પુરૂષોની આજ્ઞા પ્રમાણે અનુષ્ઠાન કરવાં તે વચન અનુષ્ઠાન. અહીં શિષ્ટની પ્રથમ શોધ કરવી પડે છે અને એક વખત શિષ્ટત્વની પ્રતીતિ થયા પછી તેઓનું પ્રામાણ્ય સ્વીકારવું જોઇએ. આયુષ્યની અલ્પતા અને માનસિક બળની ઓછાશને લીધે શિષ્ટ જનો શું કહે છે તે વિચાર કરી સમજવાનો યત્ન કરવો એજ કર્તવ્ય છે. સ્વાભાવિક રીતે શિષ્ટ વચનાનુસાર વર્તન થઇ જાય તે અસંગ અનુષ્ઠાન. અતિ ઉત્કૃષ્ટ વર્તન દશા આ અસંગ અનુષ્ઠાનમાં થાય છે. ત્યાં પ્રાણીનું વર્તનજ એવું સુંદર સ્વભાવિક રીતે થઈ જાય છે કે અસુંદરતા તેમાં થતી નથી. જેમ હાલ વિભાવ એ સ્વભાવ જેવો થઈ ગયો છે તેમ અસંગમાં સ્વભાવ સાધારણ થઈ પડે છે. અહીં નિરોધ સંસ્કારની વૃદ્ધિ થાય છે અને વ્યુત્થાન સંસ્કારની ન્યૂનતા થાય છે અને એને લઇને જે ઉત્તમ દશા ઉત્પન્ન થાય છે તે પાતંજળની પ્રશાંતવાહિતા સાથે મળતી આવે છે. ફેર માત્ર એટલો છે કે પાતંજળની પ્રશાંતવાહિતા અથવા બૌધના વિસભાગ પરિક્ષયમાં જ્યારે સમ્યગ્ બોધ હોતો નથી ત્યારે અહીં તે હોય છે અને સાથે સાધ્યનું સામિપ્ય હોય છે.

સાલંબ અને નિરાલંબ એવા બે પ્રકારના યોગો બતાવ્યા તે ધર્મધ્યાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને શુક્લધ્યાનને અંગે છે. ધર્મધ્યાનના આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનની વિચારણા તેમજ પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યેયની જે અદ્ભુત વ્યવસ્થા જૈન યોગાચાર્યોએ બતાવી છે તે સાલંબનરૂપ છે, બહુ આનંદપ્રદ હકીકત પૂરી પાડે તેવી છે અને ભાવના રૂપે અમલમાં મૂકતાં પણ ચેતનની અચિંત્ય પ્રગતિ કરાવે તેવી છે. આ ધર્મધ્યાનનો આખો વિભાગ સાલંબન યોગમાં આવે છે. ત્યાર પછી ઉન્નતિક્રમમાં આગળ વધતાં શુક્લધ્યાનનો વિભાગ આવે છે, તે નિરાલંબન દશા બતાવે છે. એના ચારે વિભાગોમાં બાહ્યઆલંબનની જરૂર નથી. પ્રથમના બે વિભાગમાં છદ્મસ્થ દશા હોય છે અને તેને અંતે કેવલ્ય સૂર્ય પ્રગટવાથી લોકાલોક સ્વરૂપ દેખાય છે. ત્રીજા વિભાગવાળી સયોગી અવસ્થાને છેડે જ્યારે ચોથા વિભાગવાળી અયોગી દશા પ્રાપ્ત થાય છે ત્યારે પ્રાણી શૈલેશીકરણ કરી મહાસુખ સ્થાન સિદ્ધની નિવાસ ભૂમિમાં પ્રવેશ કરે છે અને ત્યાં નિરંજન નિરાકાર સ્વરૂપે ચિદાનંદ ઘનમય ચૈતન્ય સંસારાતીત મહા ઉન્નત આત્મદશા અનુભવી નિરંતર આનંદ કરે છે. ત્યાં ગયા પછી સંસાર ભાવ કદિ ફરીવાર પ્રાપ્ત થતો નથી. દુઃખનો અનુભવ થતો નથી અને ત્યાંથી પાત થતો નથી. એ દશા પ્રાપ્ત કરવી એ યોગનું સાધ્ય છે, અંતિમ લક્ષ્યસ્થાન છે અને ઉત્તમ આદર્શ છે. યોગના અનેક વિષયોપર વિચારણા કરતાં આ સિદ્ધદશાનું સ્વાભાવિકપણું અને પરભાવનું વિરૂપપણું નિરંતર લક્ષ્યમાં રાખવું. એ સિદ્ધ દશા પ્રાપ્તવ્ય છે અને એની ખાતર ગમે તેટલો પ્રયાસ કરવામાં આવે તો તે કર્તવ્ય છે. યોગમાં પ્રગતિ કરવી એ એક પ્રકારનો સાધ્ય પ્રાપ્તિનો પ્રયાસ છે અને તેટલે દરજ્જે અને તે હેતુએ તે ખાસ આદરણીય છે.

મૌક્તિક.

# वचन भंग

હાલમાં યુરોપમાં મહા ભયંકર યુદ્ધ ચાલે છે તેમાં નાઈલાજે બ્રીટીશ શહેનશાહતને પણ ભાગ લેવાનો પ્રસંગ આવ્યો છે. બ્રીટીશ પ્રજા ઘણા ભાગે સુલેહને ચહાનાર, ન્યાયનાસૂત્ર ઉપર પ્રવૃત્તિ કરનાર છે. હાલના લડાઇને પ્રસંગે છેવટ સુધી પોતાને લડાઈમાં ઉતરવાનો પ્રસંગ ન આવે તેને માટે આપણા શહેનશાહ નામદાર જ્યોર્જ પ માએ અને તેમના મહા બુદ્ધિશાળી પ્રધાન મંડળે બનતી તજવીજ કર્યા છતાં છેવટ તેમને લડાઈમાં ભાગ લીધા વિના છુટકો થયો નથી, જેના પરિણામે માણસની અને નાણાની ભારી ખોટ ખમવાનો પ્રસંગ આવ્યો છે.

હિંદુસ્તાનની તમામ પ્રજા આપણા મહાન શહેનશાહની કીર્તિ અખંડ જળવાઈ રહે તેને માટે અંતઃકરણથી લાગણી ધરાવેછે અને તે કારણસર ઇશ્વરોપાસના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન શાસ્ત્રકારોએ શહેનશાહ અને રાજ્યની શાંતિને માટે દર પંદર દિવસે સાધુ અને શ્રાવક વર્ગે શાંતિસ્તોત્ર ભણવાનું ફરમાવ્યું છે. અને તે પ્રમાણે ભણવામાં પણ આવે છે. જૈન પ્રજા હમેશાં શાંતિને ચાહનારી છે અને શાંતિને માટે તથા રાજ્યને શાંતિ રહેવાને સબબે એજ મહાન ઈલાજ માનેલો છે.

લડાઇનો પ્રશ્ન એ રાજ્યદ્વારી વિષય છે અને તે વિષયમાં ઉતરવાનો આપણો હાલમાં ઉદ્દેશ નથી. વર્તમાન ચાલતી લડાઇના સંબંધમાં હિંદુસ્તાનની શહેનશાહી વડી ધારાસભામાં તા. ૮-૯-૧૪ ના રોજ ગવરનર જનરલ નામદાર લોર્ડ હાર્ડિંજ સાહેબે એક યાદગાર ભાષણ આપ્યું હતું. પ્રસંગવશાત્ તેઓશ્રીએ નીચેના ઉદ્ગારો બહાર પાડ્યા છે.

" અલબત લડાઇ એ ભયંકર ચીજ છે પણ પોતાના વચનનો ભંગ કરવો એ તેના કરતાં બી વધારે ભયંકર છે. વચનનો ભંગ એ પ્રજાકીય અપકીર્તિ છે, અને તે લડાઇ કરતાં વધારે ત્રાસદાયક છે." સાંજવર્તમાન તા. ૯-૯-૧૪

આ ઉદ્ગારોથી આપણે વ્યવહારિક બાબતોમાં ઘણું શીખવા જેવું છે. એમાં વચનની કિંમત કેટલી છે તે ગુઢાર્થથી માલુમ પડે છે. અને વચન ભંગ એ કેટલું ભયંકર છે એ તેઓશ્રીએ સ્પષ્ટ બતાવ્યું છે.

કોઈ પણ બાબતમાં વચન આપવું તો તે આપતાં પહેલાં ઘણો વિચાર કરવો જોઇએ અને જો પોતાનામાં વચન પાલન કરવાની શક્તિ ન હોય અથવા શક્તિ હોવા છતાં વચન પાળવાની ઇચ્છા ન હોય તો ઘણી સારી વાત એ છે કે વચન બીલકુલ આપવુંજ નહીં, પણ જો એક વખત વચન અપાઇ ગયું અથવા કોઇ કૃત્ય કરવા વચનથી આપણે બંધાઇ ગયા તો પછી તે વચન પાળવાને માટે આપણે જીવતોડ મહેનત કરવીજ જોઇએ. માણસ માત્રની કિંમત તેના વચન અને વચન પાલન કરવાની તેની પ્રવૃત્તિ ઉપરથીજ થાય છે. જનસમાજમાં વચન પાલન કરનારની કિંમત ઘણી થાય છે. એક માણસ ગમેતેટલો દ્રવ્યવાન હોય પણ જો તેનામાં વચન પાલન કરવાનો ગુણ ન હોય અને બીજો માણસ સાધારણ દ્રવ્યવાન હોય, પણ વચન પાલન કરવાનો તેનામાં ગુણ હોય તો ધનવાન માણસ કરતાં તેની કિંમત હજાર દરજ્જે સમાજમાં વધારે ગણાશે. લૌકિક કહેવત એવી છે કે 'ધન તો ઠેઠવાડે પણ હોય.' તેથી તેની લાયકાતમાં કાંઈ વધારો થતો નથી. લાયકાત માટે તો તેનાં વચન કેવાં પ્રકારનાં નીકળે છે, અને વચન પાલન કરવાનો તેનામાં કેટલો ગુણ છે, તે ઉપરજ આધાર રહે છે.

માણસ અને જાનવરનો મુકાબલો કરતાં ઘણે ભાગે એજ તુલના કરવામાં આવે છે કે જો માણસનામાં વચન પાલનનો ગુણ ન હોય તો જાનવર કરતાં તેવા માણસની કિંમત ઘણી કમતી છે. કેમકે જાનવરના શરીરનો ઘણો ભાગ ઉપયોગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે, જ્યારે માણસના શરીરનો કંઈ ભાગ ઉપયોગમાં આવતો નથી. પણ મરણ બાદ તેના શરીરને બાળીને ખાખ કરી નાંખવામાં આવે છે યા તો તેને દાટી દેવામાં આવે છે.

વચન બે પ્રકારના છે, એક સ્પષ્ટ વચન, અને બીજું ગર્ભિત વચન. વેપાર ધંધાના અથવા વ્યવહારિક કેટલીક આપ લેના પ્રસંગે વચન કર્યા કાયદેસર છે, અને તેનો ભંગ કરવામાં આવે ત્યારે ન્યાયની કોર્ટોમાં તે બાબત લાવવામાં આવે તો કેવી રીતે વર્તવું એ બાબત **કરારશાસ્ત્ર** નામનો કાયદો રાજ્યકર્ત્તાએ બહાર પાડેલો છે, તે ધોરણે ન્યાયની કોર્ટથી તેવા પ્રકારના કામોમાં નિકાલ થાય છે. એ શાસ્ત્ર વ્યવહારમાં ઘણું કિંમતી છે, અને જાણવા લાયક છે, તેનો અભ્યાસ ન્યાયાધીશો, વકીલો અને બહુધા કોર્ટના કામમાં માહીતી ધરાવનાર કરે છે, પણ જનસમાજ તેનો ખાસ અભ્યાસ કરતો હોય તેમ જણાતું નથી. કાયદો નહીં જાણનાર કાયદાનો ભંગ કરે તેથી કાયદાની અજ્ઞાનતાનો લાભ તેને મળતો નથી. કાયદાનું એક સૂત્ર એવું છે કે 'દરેક માણસે કાયદો જાણવો જોઈએ અને કાયદો જાણે છે એમજ તેનો અમલ કરતી વખતે માનવાનું છે.'

સામાન્ય વ્યવહારમાં કંઈ દરેક માણસ કાયદો લઈને ચાલતું નથી, એ વાત ખરી છે તોપણ નીતિના સાધારણ ધોરણથી કઈ વાત સારી છે? અને તે કેવી રીતે? કોણ કરવાને બંધાએલો છે? ને તે પ્રમાણે વર્તવામાં ન આવે તો જનસમાજમાં તેની કેવી કિંમત અંકાય છે? એ ખાસ વિચાર કરવા જેવું છે.

ગર્ભિત વચન એ એક જાતની ફરજ જેવું છે. **માબાપે** પોતાની પ્રજાને સારી રીતે ઉછેરવી ને તેને કેળવણી આપવાની તજવીજ કરવી. **પુત્રે** પોતાના માતા પિતાની આજ્ઞા માનવી અને તેઓ પોતાનું ગુજરાન ચલાવવા અશક્ત થાય તેવે પ્રસંગે તેમની સેવા ચાકરી કરી તેમનું પોષણ કરવું. **નોકરે** પ્રમાણિકપણાથી અને કાળજીપૂર્વક નોકરી કરવી અને પોતાના માલીકનું બહેતર કરવા થાય તેટલો યોગ્ય પ્રયત્ન કરવો. **શેઠે** પોતાના તાબાના નોકરોની યોગ્ય સંભાળ રાખવી અને તેમનું સારૂં કરવાને પોતાથી બનતા ઇલાજો કરવાં. શાળાના **શીક્ષકે** પોતાના વિદ્યાર્થીઓને સારી રીતે કેળવવાને મહેનત કરવી. **વિદ્યાર્થીએ** માસ્તરનું માન જાળવવું અને તેમની આજ્ઞા માનવી. **દુકાનદારોએ** પોતાના માલનું યથાર્થ સ્વરૂપ ખરીદદારને સમજાવવું. ખોટો માલ તથા માપ અને તોલમાં ઓછું ન આપવું. **ખરીદદારે** માલની કિંમત તુરત આપવી અથવા યોગ્ય મુદતમાં પહોંચાડવી. **સ્ત્રીએ** ધણીની આજ્ઞામાં રહેવું અને પતિવૃતપણાથી ચાલવું. **પતિએ** સ્ત્રીનું પોષણ કરવું અને સ્વપત્નિમાં સંતોષ ધારણ કરવો. આવી આવી ઘણી જાતની સમાજમાં ફરજો બજાવવાની હોય છે. તે એક જાતનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગર્ભિત વચન છે અને તે વચન પાળવાને દરેક વ્યક્તિ બંધાએલી છે.

આ વચનનું પાલન કરવામાં જેટલે અંશે શિથિલપણું તેટલા અંશે તે વચનભંગ છે. વચનભંગ એ એક પાપ છે. તેની સાથે **નામદાર લોર્ડ હાર્ડિંજ**ના વચન પ્રમાણે હાલમાં ચાલતી ખુનખાર લડાઈ કરતાં પણ વધારે ભયંકર છે. એટલુંજ નહીં પણ તે એક પ્રજાકિય અપકીર્તિ છે અને તે લડાઇ કરતાં વધુ ત્રાસદાયક છે.

ચાલતી લડાઈથી દેશને કેટલું નુકશાન થાય છે, એનો અનુભવ સર્વ સમજુઓને થાય છે અને સમજવામાં આવે છે, તેથી દરેક માણસ શાન્તિને ચ્હાય છે. શાન્તિ એ બીજા બધા માનવામાં આવેલા સુખનો પાયો છે. તેવીજ રીતે વચન પાલનનો ગુણ પણ દરેક સુખનો પાયો છે. સમાજમાં જે માણસમાં વચન પાલનનો ગુણ કમતી છે અથવા બીલકુલ નથી, તે માણસની પગલે પગલે સ્ખલના થાય છે. વ્યવહારમાં તેને ઘણી જાતની અડચણો આવે છે. તેનો કોઇ વિશ્વાસ કરતું નથી. માણસ ઉચ્ચ જ્ઞાતિનો હો કે નીચ જાતિનો હો, ગૃહસ્થ હો કે સાધુ ધર્મ અંગીકાર કરેલો હો, જેટલે જેટલે અંશે તેનામાં વચન પાલનનો ગુણ વધારે હશે તેટલે તેટલે અંશે તેના ઉપર સમાજની ચાહના અને વિશ્વાસ વધારે થશે. જેટલો સમાજનો ચાહ અને વિશ્વાસ વધારે હોય છે તેટલો તેનો પોતાનો કારભાર સરલ થઇ જાય છે. એટલુંજ નહીં પણ આત્મસાધન અને ધર્મપાલનમાં ઘણે ભાગે તેને અનુકૂળ સંયોગો પ્રાપ્ત થાયછે.

વચન પાલનને મળતોજ પ્રતિજ્ઞા પાલન નામનો ગુણ છે. અમુક વાત શાસ્ત્ર અથવા નીતિ વિરૂદ્ધની હોવાથી તેનો નિષેધ કરવાને કોઈ માણસ જો પ્રતિજ્ઞા કરે, તે પ્રતિજ્ઞા ગમે તો દેવગુરૂની સાક્ષીએ કરે અથવા એકાંતમાં પોતાના આત્માની સાક્ષીએ કરે તો પણ તે પ્રતિજ્ઞાનું પાલન કરવું અને લીધેલી પ્રતિજ્ઞાનો યથાર્થ નિર્વાહ કરવો એ પણ તેની ફરજજ છે. જે માણસનામાં વચનપાલનનો ગુણ વધુ અંશે હશે, તે માણસ પ્રતિજ્ઞા પાલનમાં પણ ચુસ્ત રહેશે. અને જેનામાં તે ગુણ કમતી હશે તેનામાં પ્રતિજ્ઞા પાલન શક્તિ કમી હશે એમ જો આપણે અનુમાન કરીએ તો તે અનુમાન સર્વથા ભૂલભરેલું છે એમ માનવાને કારણ નથી.

જૈનશાસ્ત્રકારોએ પ્રતિજ્ઞા પાલન ગુણની ઘણી કિંમત ગણી છે. અને જે પ્રતિજ્ઞા પાળી શકતો નથી–પોતે કરેલી પ્રતિજ્ઞાઓ તોડે છે તેને ઘણી હલકી કોટીમાં તેઓ મુકે છે. જૈનમાં જે જે મહા પુરૂષો થઇ ગયા છે, તેમનામાં વચન પાલન અને પ્રતિજ્ઞા પાલનના ગુણ બહુ જબરજસ્ત હતા. એના માટે ઘણા દાખલાઓ છે. ભગવંત મહાવીરે ગર્ભમાં સંકલ્પ કર્યો કે 'માતા પિતા જીવે ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી દીક્ષા અંગીકાર કરવી નહીં, તે પ્રતિજ્ઞા યથાર્થ પાળી. ભગવંત મહાવીરના શ્રાવક આનંદ અને કામદેવ વિગેરે જેઓએ શ્રાવકના વ્રતો ગ્રહણ કરેલાં હતાં તેઓને દેવતાઓએ ઉપસર્ગ કર્યા પણ પોતાના વ્રતનો યથાર્થ નિર્વાહ કરવાને પાછી પાની કરી નહીં. કામદેવ શ્રાવકના દૃષ્ટાંતથી સાધુવર્ગને પોતાના ચારિત્રમાં પ્રભુએ સ્થિર કર્યાં. સતિ સુલસાને સમ્યકત્વથી ચળાવવાને અંબડ તાપસ તરફથી ઘણા પ્રયત્ન કરવામાં આવ્યા, પણ પોતાની અચળ શ્રદ્ધામાં એક અંશ પણ ફેરફાર કર્યો નહીં. આ પ્રસંગમાં આચાર્યવર્ય જંબુસ્વામી અને સ્થૂલિભદ્રજીના દૃષ્ટાંત બહુ મનનીય છે. ૧૪૪૪ ગ્રન્થના કર્તા શ્રીમાન્ હરિભદ્રસૂરિ બ્રાહ્મણપણામાં પોતે કરેલી પ્રતિજ્ઞામાં એક સાધ્વીથી મહાત થયા ત્યારે જો કે પ્રતિજ્ઞા પોતે પોતાના મનથી કરેલી હતી છતાં પ્રતિજ્ઞા મુજબ સાધ્વી પાસે જઇ પોતે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે તેમના શિષ્ય થવાની માગણી કરી. સાધ્વીએ જણાવ્યું કે સાધ્વીથી પુરૂષને દીક્ષા આપી શકાય નહીં, માટે અમારા ગુરૂ પાસે ચાલો, પોતે તેમની સાથે ગયા, અને મૂળ બ્રાહ્મણ જ્ઞાતિના અને વેદાંતાદિ શાસ્ત્રના પારગામી હતા છતાં ફકત પોતાની કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવા જૈનદીક્ષા અંગીકાર કરી. હાલના જમાનામાં **ગણી મૂળચંદજી** મહારાજના વખતમાં એક દાખલો બનેલો છે, કે એક દિગંબર જૈન ગૃહસ્થે ગણી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી અને તેમને **ગુણવિજય** નામ ધારણ કરાવ્યું. તે ઉપરથી તેમના ભાઇને ઘણું લાગી આવ્યું, અને પોતાના ભાઇને ગૃહસ્થપણામાં પાછા લઇ જવાને માટે રાજ્યદ્વારે અને અન્ય રીતે ઘણા ઉપાયો કર્યા. ગણીજી મહારાજને તે નિમિત્તે રંજાડવામાં પોતાથી થાય તેટલી તજવીજ કરી. મહા ગંભીર ગણીજી મહારાજે તેને રૂબરૂમાં બોલાવ્યો અને તેની સાથે વાદ કરવાનું નક્કી કર્યું. વાદમાં સરત એ હતી કે 'જો ગણીજી મહારાજ હારે તો તેમણે પોતાના કરેલા શિષ્યનો સાધુ વેશ ઉતારી લઇને તેને પાછો સોંપી દેવો, અને જો તે ભાઈ હારે તો તેમણે ગણીજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરવી.' પરિણામમાં ભાઈ મહાત થયા. તે વખતે તે શૂરવીરે પોતાના વચન પાલનમાં કંઇપણ આડી તેડી બારીઓ નહીં કાઢતાં તરતજ દીક્ષા અંગીકાર કરી અને તેમને ગણીજી મહારાજે **દેવવિજય** એવું નામ આપ્યું. એ મુનિ દેવવિજય ઘણા વિદ્વાન્ થયા હતા, મોટા ઉપદેશક, ભાષણકારક અને વાદી હતા, તેમજ તેમનો ત્યાગ, વૈરાગ્ય બહુ ભારી હતો. છેવટ અવસ્થા વખતે ફકત છ દ્રવ્યમાંજ પોતાનો નિર્વાહ કરતા હતા. પ્રવર્તકજી મહારાજ કાન્તિવિજયજી અને પરમ શાન્ત મુનિ હંસવિજયજી મહારાજે દીક્ષા અંગીકાર કર્યા પછી તેમના સંસારી સંબંધીઓએ તેમને ઘણા ઉપસર્ગ કર્યા હતા પણ પોતે કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવાને પાછી પાની કરી ન હતી. ઉલટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં કટીબદ્ધ થઇ આજે જગત્ જીવોને મહાઉપકાર કર્તા થઇ પડ્યા છે. આ સિવાય બીજા સંખ્યાબંધ નામો છે, પણ લંબાણ થવાના ભયને લીધે તે વિગતવાર જણાવવાનું બંધ રાખ્યું છે.

જો ઈરાદા સિવાય અજાણતાં પોતાની પ્રતિજ્ઞામાં કંઇ દૂષણ લાગ્યું હોય તો તેને માટે યોગ્ય આચાર્ય પાસે પ્રાયશ્ચિત્ત લેવાનું શાસ્ત્રમાં ફરમાવેલું છે. જો તેવી રીતે પ્રાયશ્ચિત્ત ન લે તો તેની તે પ્રતિજ્ઞા શુદ્ધ રહેતી નથી.

જાણી જોઇને પ્રતિજ્ઞા ભંગ કરનારને તો અનાચારી ગણેલો છે. અને તેણે તે કારણથી બાંધેલા મોહા કર્મો જો યોગ્ય તપસ્યા કરી નિર્જરાવી નાખવામાં ન આવે તો તેને તેના કટુ વિપાક ( ફળ ) યોગ્ય પ્રસંગે ભોગવવાંજ પડે છે એમ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે.

અમારા ગુરૂવર્ય તથા સ્વામી બંધુઓમાં વચનપાલન અને પ્રતિજ્ઞાપાલનનો ગુણ દિવસે દિવસે વૃદ્ધિ પામો અને તે દ્વારે પોતાની આત્મિક શકિતઓ વધુ અને વધુ ખીલવવાને ઉદ્યમવંત થાઓ એજ અંતઃકરણની જીજ્ઞાસા છે.

**વકીલ નંદલાલ લલુભાઈ—વડોદરા.**

# जिनमूर्त्तिना प्राचीनपणानी सिद्धि.

## अथ विश्वकर्मा विरचिताऽपराजितवास्तुशास्त्रे जिनमूर्त्तिश्लोकाः।

। श्री गणिराजाभ्यां नमः ।

सुमेरुशिखरं दृष्ट्वा गौरी पृच्छति शंकरम् ।
कोऽयं पर्वत इत्येष कस्येदं मंदिरं प्रभो ॥ १ ॥
कोयं मध्ये पुनर्देवः पादान्ता का च नायिका ।
किमिदं चक्रमित्यत्र तदन्ते को मृगो मृगी ॥ २ ॥
के वा सिंहा गजा के वा के चामी पुरुषा नव ।
यक्षो वा यक्षिणी केयं के वा चामरधारकाः ॥ ३ ॥
के वा मालाधरा एते गजारूढाश्च के नराः ।
एतावपि महादेव कौ वीणावंशवादकौ ॥ ४ ॥
दुंदुभेर्वादकः को वा को वायं शंखवादकः ।
छत्रत्रयमिदं किं वा किं वा भामंडलं प्रभो ॥ ५ ॥

For Private And Personal Use Only

## ईश्वरउवाच.

शृणु देवी महागौरी यस्त्वया पृष्ठमुत्तमम् ।
कोयं पर्वतमित्येप कस्येदं मंदिरं प्रभो ॥ ६ ॥
पर्वतो मेरुरित्येप स्वर्णरत्नविभूपितः ।
सर्वज्ञमंदिरं चैतद्रत्नतोरणमंडितम् ॥ ७ ॥
अयं मध्ये पुनस्साक्षात् सर्वज्ञो जगदीश्वरः ।
त्रयस्त्रिंशत्कोटिसंख्या यं सेवंते सुरा अपि ॥ ८ ॥
इंद्रियैर्न जितो नित्यं केवलज्ञाननिर्मलः ।
पारंगतो भवाम्भोधेर्यो लोकांते वसत्यलम् ॥ ९ ॥
अनंतरूपो यस्तत्र कपायैः परिवर्जितः ।
यस्य चित्ते कृतस्थाना दोपा अष्टादशापि न ॥ १० ॥
लिंगरूपेण यस्तत्र पुंरूपेणात्र वर्त्तते ।
रागद्वेषव्यतिक्रांतः स एव परमेश्वरः ॥ ११ ॥
आदिशक्तिर्जिनेंद्रस्य आसने गर्भसंस्थिता ।
सहजा कुलजा ध्याने पद्महस्ता वरप्रदा ॥ १२ ॥
धर्मचक्रमिदं देवि धर्ममार्गप्रवर्त्तकम् ।
सत्त्वं नाम मृगस्सोयं मृगी च करुणा मता ॥ १३ ॥
अष्टौ च दिग्गजा एते गजसिंहस्वरूपतः ।
आदित्याद्या ग्रहा एते नवैव पुरुषाः स्मृताः ॥ १४ ॥
यक्षोऽयं गोमुखो नाम आदिनाथस्य सेवकः ।
यक्षिणी रुचिराकारा नाम्ना चक्रेश्वरी मता ॥ १५ ॥
इंद्रोपेंद्रास्स्वयं भर्त्तुज्ञाताश्चामरधारकाः ।
पारिजातो वसंतश्च मालाधरतया स्थितौ ॥ १६ ॥
अन्येपि ऋतुराजा ये तेऽपि मालाधराः प्रभोः ।
अष्टेंद्रा गजमारूढाः कराग्रे कुंभधारिणः ॥ १७ ॥
स्नात्रं कर्त्तुं समायाताः सर्वसंतापनाशनम् ।
कर्पूरकुंकुमादीनां धारयंतो जलं बहु ॥ १८ ॥
मध्ये स्वर्णशिलाक्रांतं [illegible] निर्मलं ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा मुक्तिपदं कांतमनंतसुखकारणम् ॥ १९ ॥
हूहूतुंबरुनामानौ तौ वीणावंशवादकौ ।
अनंतगुणसंघातं गायंतो जगतां प्रभोः ॥ २० ॥
वाद्यमेकोनपंचाशद्भिदभिन्नमनेकधा ।
चतुर्विधा अमी देवा वादयंति स्वभक्तितः ॥ २१ ॥
सोयं देवो महादेवि दैत्यारिः शंखवादकः ।
नानारूपाणि बिभ्राण एकैकोऽपि सुरेश्वरः ॥ २२ ॥
जगत्रयाधिपत्यस्य हेतुच्छत्रत्रयं प्रभोः ।
अमी च द्वादशादित्या जाता भामंडलं प्रभोः ॥ २३ ॥
पृष्ठलग्ना अमी देवा याचंते मोक्षमुत्तमम् ।
एवं सर्वगुणोपेतः सर्वसिद्धिप्रदायकः ॥ २४ ॥
एप एव महादेवि सर्वदेवनमस्कृतः ।
गोप्याद्गोप्यतरः श्रेष्ठो व्यक्ताव्यक्ततया स्थितः ॥ २५ ॥
आदित्याद्या भ्रमंत्येते यं नमस्कर्त्तुमुद्यताः ।
कालो दिवसरात्रिभ्यां यस्य सेवाविधायकः ॥ २६ ॥
वर्षाकालोष्णकालादिशीतकालादिवेषभृत् ।
यत्पूजार्थं कृता धात्रा आकरा मलयादयः ॥ २७ ॥
काश्मीरे कुंकुमं देवि यत्पूजार्थं विनिर्मितम् ।
रोहणे सर्वरत्नानि यद्भूषणकृते व्यधात् ॥ २८ ॥
रत्नाकरोपि रत्नानि यत्पूजार्थं च धारयेत्
तारकाः कुसुमायंते भ्रमंतो यस्य सर्वतः ॥ २९ ॥
एवं सामर्थ्यमस्यैव नापरस्य प्रकीर्त्तितम् ।
अनेन सर्वकार्याणि सिध्यंतीत्यवधारय ॥ ३० ॥
परात् परमिदंरूपं ध्येयाद्ध्येयमिदं परम् ।
अस्य प्रेरकता दृष्टा चराचरजगत्रये ॥ ३१ ॥
दिक्पालेष्वपि सर्वेषु ग्रहेषु निखिलेष्वपि ।
ख्यातस्सर्वेषु देवेषु इंद्रोपेंद्रेषु सर्वदा ॥ ३२ ॥
इति श्रुत्वा शिवाद्गौरी पूजयामास सादरं ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्मरंती लिंगरूपेण लोकान्ते वासिनं जिनम् ॥ ३३ ॥
ब्रह्मा विष्णुस्तथा शक्रो लोकपालास्सदेवताः ।
जिनार्चनरता एते मानुषेषु च का कथा ॥ ३४ ॥
जानुद्वयं शिरश्चैव यस्य घृष्टं नमस्यतः ।
जिनस्य पुरतो देवि स याति परमं पदम् ॥ ३५ ॥
॥ इति श्री विश्वकर्म्माविरचिताऽपराजितवास्तुशास्त्रमध्ये ॥

सं० १९७१ कार्त्तिक कृष्ण १३ मन्दवासरे जीर्णपत्रादुद्धरित
लि० भोजक गिरधर हेमचन्द पटणी.
हाल अमदावाद विद्याशाला.

## ઉપરના શ્લોકોનું ભાષાંતર.

એકદા મેરૂપર્વતના શિખરને જોઇને પાર્વતીએ શંકર ( મહાદેવ ) ને પૂછયું કે-" હે સ્વામી ! આ કયો પર્વત છે ? તેના પર આ મંદિર કોનું છે ? તે મંદિરમાં આ કયા દેવ છે ? તે દેવના ચરણની સમીપે આ નાયિકા ( મુખ્ય દેવી ) કોણ છે ? વળી આ ચક્ર દેખાય છે તે શું છે ? તેની પાસે આ મૃગ તથા મૃગલી છે તે કોણ છે ? આ સિંહો કોણ છે ? આ હાથીઓ કોણ છે ? આ નવ પુરૂષો કોણ છે ? આ યક્ષ તથા યક્ષિણી કોણ છે ? આ ચામરધારીઓ કોણ છે ? આ ( હાથમાં ) માળાને ધારણ કરી રહેલા કોણ છે ? આ હાથી ઉપર ચડેલા માણસો કોણ છે ? હે મહાદેવ ! આ વીણા તથા વાંસળીને વગાડનારા બે પુરૂષો કોણ છે ? આ દુંદુભીને વગાડનારો કોણ છે ? આ શંખ વગાડનારો કોણ છે ? આ ત્રણ છત્ર દેખાય છે તે શું ? તથા હે પ્રભો ! આ ભામંડળ શું છે ? "

( આ પ્રમાણે પાર્વતીનું વચન સાંભળીને ) ઇશ્વર ( મહાદેવ ) બોલ્યા કે—" હે દેવી મહાગૌરી ! સાંભળો:-આ પર્વત કયો છે ? તથા હે દેવી ! આ મંદિર કોનું છે ? એ વિગેરે પ્રશ્નો તમે બહુ ઉત્તમ પૂછયા છે. આ **મેરૂ** નામનો પર્વત છે. તે સુવર્ણ તથા રત્નોથી ભૂષિત છે. આ રત્નના તોરણથી શોભિત મંદિર **સર્વજ્ઞ દેવ**નું છે. તેની મધ્યે આ સાક્ષાત જગતના ઇશ શ્રી સર્વજ્ઞ દેવ વિરાજે છે. તે દેવને તેત્રીશ ક્રોડ દેવો પણ સેવે છે, તે દેવ ઇંદ્રિયોથી જીતાયા નથી, નિરંતર કેવળજ્ઞાને કરીને નિર્મળ છે, તે સંસારરૂપી સાગરના પારને પામીને લોકને છેડે વસે છે. ત્યાં તે દેવ અનંત રૂપવાળા ( અનંતા ) છે, કષાયોથી રહિત છે, તથા અઢાર દોષોએ તેના ચિત્તમાં સ્થાન કર્યું નથી. તે દેવ ત્યાં ( લોકાંતમાં ) લિંગરૂપેજ રહેલા છે, અને આ લોકમાં પુરૂષરૂપે રહેલા છે; રાગ દ્વેષથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહિત એવા તેજ આ પરમ ઇશ્વર છે. તે દેવની સમીપે ગભારામાં રહેલી આ જિનેંદ્રની આદિ શકિત છે કે જે ધ્યાન સમયે સહજે ઉત્પન્ન થયેલી છે, કુળવતી છે, તેના હાથમાં પદ્મ છે, અને તે વરદાન આપનારી છે. હે દેવી! આ ધર્મ માર્ગે પ્રર્વતાવનાર ધર્મચક્ર છે, સત્ત્વ નામનો આ મૃગ છે, અને દયા નામની આ મૃગલી છે. આ હાથી અને સિંહને રૂપે રહેલા આઠ દિશાના આઠ દિગ્ગજો છે. આ જે નવ પુરૂષો છે તે રવિ વિગેરે નવ ગ્રહો છે. આ ગોમુખ નામનો યક્ષ શ્રી આદિનાથનો સેવક છે, આ સુંદર આકારવાળી યક્ષિણી ચક્રેશ્વરી નામની છે. ઇંદ્રો તથા ઉપેંદ્રો પોતેજ આ પ્રભુના ચામરધારક થયેલાછે, પારિજાત (વૃક્ષ) અને વસંત (ઋતુ) એ બે માલાધર તરીકે રહેલા છે. બીજી પણ જે ઉત્તમ ઋતુઓ છે, તે પણ પ્રભુના માલાધર તરીકે રહેલાં છે. આ હાથીપર આરૂઢ થએલા ભ્રષ્ટ ઇંદ્રો[1] હાથના અગ્ર ભાગમાં કુંભને (કળશને) ધારણ કરીને તેમાં સર્વ સંતાપને નાશ કરનારૂં અને કર્પૂર તથા કુંકુમ (કેશર) વિગેરેથી મિશ્ર એવું ઘણું જળ લઈને પ્રભુની સ્નાત્ર પૂજા કરવા આવેલા છે. તેઓ જેમ લક્ષ્મીયુક્ત પોતાના ઇંદ્રપદની યાચના કરે છે તેજ પ્રમાણે મનોહર અને અનંત સુખના કારણરૂપ એવા મોક્ષપદની પણ યાચના કરે છે. આ વીણા તથા વાંસળીને વગાડનારા હૂહૂ અને તુંબરૂ નામના દેવગાયકો છે, તેઓ ત્રણ જગતના પ્રભુના અનન્ત ગુણના સમુહને ગાય છે. આ ચાર પ્રકારના (નિકાયના) દેવો પોતાની ભક્તિથીજ ઓગણપચાસ પ્રકારના વાદ્ય (વાજીત્ર) ને અનેક પ્રકારે વગાડે છે. હે મહાદેવી! જે આ શંખ વગાડે છે, તે રાક્ષસનો શત્રુ અને એકલો છતાં ભિન્ન ભિન્ન રૂપોને ધારણ કરનારો ઇંદ્ર છે, આ પ્રભુનું ત્રણ જગતનું આધિપત્ય જણાવનાર ત્રણ છત્ર છે, અને આ બાર સૂર્યો પ્રભુના ભામંડળ રૂપે થયેલા છે. આ તેની પાછળ ઉભેલા દેવો ઉત્તમ મોક્ષની યાચના કરે છે. આ પ્રમાણે આ પ્રભુ સર્વ ગુણોથી યુક્ત અને સર્વ સિદ્ધિને આપનારા છે. હે મહાદેવી! સર્વ દેવોએ નમસ્કાર કરેલા, ગુપ્તથી પણ અત્યંત ગુપ્ત, શ્રેષ્ઠ અને વ્યક્ત તથા અવ્યક્તપણે રહેલા આજ દેવ છે. આ પ્રભુને નમસ્કાર કરવાને ઉદ્યમવંત એવા આ સૂર્યાદિક ગ્રહો નિરંતર ભ્રમણ કરે છે, દિવસ અને રાત્રીરૂપે રહેલો તથા વર્ષાઋતુ, ઉનાળો અને શીયાળો એ વિગેરે વેશને ધારણ કરનાર કાળ આ પ્રભુની સેવા કરનારો છે. બ્રહ્માએ આ પ્રભુની પૂજાને માટે મલયાચળ વિગેરે પર્વતો બનાવ્યા છે, તથા હે દેવી! તેની પૂજાને માટે કાશ્મીર દેશને વિષે કેશર બનાવ્યું છે. રોહણાચળ પર્વતમાં સર્વ રત્નો આ પ્રભુના ભૂષણ (અલંકાર) ને માટેજ બનાવ્યાં છે, સમુદ્ર પણ તેની જ પૂજાને માટે રત્નોને ધારણ કરે છે. આ પ્રભુની

૧ ઇંદ્રપણાથી ભ્રષ્ટ થએલાઓ. (આ કથન અન્ય મતની માન્યતાનું છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોતરફ ભ્રમણ કરતા તારાઓ પુષ્પની જેવા દેખાય છે. આ પ્રમાણે આ પ્રભુનુંજ સામર્થ્ય કહ્યું છે, પણ બીજા કોઇ પણ દેવનું કહ્યું નથી, માટે આ પ્રભુવડેજ સર્વ કાર્ય સિદ્ધ થાય છે, એમ તમે જાણો. આ પ્રભુનું રૂપ શ્રેષ્ઠમાં પણ શ્રેષ્ઠ છે, ધ્યાવા યોગ્ય રૂપમાં આજ રૂપ ઉત્તમ ધ્યાવાયોગ્ય છે. આ ચરાચર ત્રણે જગતમાં આ પ્રભુની જ પ્રેરણા દેખાય છે. સર્વે દિક્પાળોમાં, સર્વે ગ્રહોમાં, સર્વ દેવોમાં અને સર્વ ઇંદ્રો તથા ઉપેંદ્રોમાં આ પ્રભુ જ પ્રખ્યાત છે.

આ પ્રમાણે મહાદેવ પાસેથી જિનેંદ્રનું સ્વરૂપ સાંભળીને પાર્વતી લોકાંતમાં લિંગરૂપે રહેલા જિનેશ્વરનું સ્મરણ કરતી છતી આદરસહિત તેમની પૂજા કરતી હતી. બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર અને દેવો સહિત લોકપાળો એ સર્વે જિનેશ્વરની પૂજા કરવામાં આસક્ત છે, તો પછી મનુષ્યોમાં તો શું કહેવું ? હે દેવી ! જિનેશ્વરની પાસે નમસ્કાર કરતાં જેના બે જાનુ તથા મસ્તક પૃથ્વી સાથે ઘસાય છે, તે પ્રાણી મોક્ષપદને પામે છે.

॥ इति श्री विश्वकर्माविराचितापराजित वास्तुशास्त्रमध्ये जिनमूर्तिश्लोकाः ॥

# सत्संग

પ્રિય ભાઈઓ ! ! !

સત્સંગ=સારી સોબત કરવી તે. પ્રત્યેક માનવનું અંતઃકરણ અન્ય પુરૂષોના આચરણ તરફ દોરાય છે, અને જેવી છાપ આરંભથીજ રોપાઇ રહી હોય તેના પ્રમાણમાં ભવિષ્યનું સારૂં કિંવા નરસું ફળ પ્રાપ્ત થઈ શકે છે, અને તેજ પ્રમાણે મનુષ્ય કામ કર્યે જાય છે. વળી સર્વેના જાણવામાં હશે અથવા વાંચી પણ હશે કે જે એક નાની સરખી કહેવત છે. તે એ કેઃ—

A man is influenced by the company he keeps or Those who lie down with dogs rise with fleas. એટલે "સોબત તેવી અસર." આવી નાની કહેવતમાંજ ઘણું રહસ્ય સમાએલું છે. માતા પીતા તથા ભાઈ ભાંડુ તથા નેતાના સહવાસમાં જે રીતભાત જોવામાં આવે તેનાથી મનનું ધોરણ ઘડાવાનું શરૂ થાયછે, ત્યાર પછી ઘર બહારની નાની મોટી અસર જેવી કે પરદેશમાં નોકરી કરનારને સાથેના કાર્યવાહકોની, સ્કુલમાં વિદ્યાર્થીઓની વિગેરે વિગેરે સહવાસ મળતો જાયછે, તેમ ભિન્ન ભિન્ન અસરો થતી જાય છે અને જીવનમાં ફેરફાર થતા જાય છે અને જુદા જુદા પ્રકારના સંબંધ બંધાતા જાય છે. તે સર્વની અસર મનના ધોરણ ઉપર થાય છે. એમ અનેક કારણોથી માણસોના [illegible] થાય છે એની રીતે વર્તિ બજાવી ચાલે છે, એટલે એ બાબામાં જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારાં થવા ઉપર આપણે લક્ષ્ય આપીએ તો આપણી વૃત્તિ સારી થાય છે. ને જેને " સદ્વૃત્તિ " કહેવાય છે તે આપણામાં આવે છે. ભર્તૃહરી કહે છે કેઃ—

जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं ।
मानोन्नतिं दिशति पापमपाकरोति ॥
चित्तं प्रसादयति दिक्षु तनोति कीर्त्तिं ।
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

**ભાવાર્થઃ**—સત્સંગ જડતા હરે છે, સત્યતા લાવે છે, ઉંચું માન આપે છે, પાપ દૂર કરે છે, ચિત્તને ખુશકારક બનાવે છે, અને ચોતરફ કીર્તિ પ્રસરાવે છે. કહો સત્સંગ શું કરી શકતો નથી ? અથવા સત્સંગથી શું થઇ શકતું નથી. ?

ઉપરના શ્લોકમાં ગણ્યા પ્રમાણે સત્સંગથી કેટલાં ઉત્તમ ફળો પ્રાપ્ત થાય છે તે મારા પ્રિય વાંચકોની જાણ બહાર હશે નહિ. માટે પુરૂષે હંમેશા ખરાબ સોબતથી દૂર રહી સારી સોબત કરવી જોઇએ. કોઇ ખરાબ આચરણવાળો મનુષ્ય હોય અને જો તેને કોઇ સારા સદ્વૃત્તિવાળા મનુષ્ય સાથે સંબંધ થાય તો–"वान नहि आवे पण मान तो आवशे " એ કહેવતને અનુસરી તેના સદ્વિચારો અને સારા ગુણો તે હંમેશા મેળવી શકે છે. પણ એટલું તો સ્વાભાવિક છે કે ગમે તેવો સદ્વૃત્તિવાળો માણસ હોય પણ જો ખરાબ આચરણવાળા માણસની સોબતમાં રહે છે તો તે માણસ કુસંગને લીધે પોતાના સઘળા સદ્વિચારોને તજી દે છે, માટે જેમ બને તેમ સત્સંગ કરવો.

વળી સત્સંગથી અહર્નિશ વિવેકમાં, વિચારમાં અને રીતભાતમાં સુધારો થતો જાય છે. આ જહાન્‌માં સત્સંગથી જેટલાં કાર્યો થાય છે તેટલા બીજાથી થતાં નથી.

દુનિયામાં બુરા, સ્વાર્થી અને એકલપેટા મનુષ્યો જોડે વાત કરવાથી પણ આપણા અંતઃકરણમાં કાંઇક ટુંકી બુદ્ધિ પેદા થાય છે અને કોઈ વખત આપણને તેની વૃત્તિઓનું અનુકરણ કરવાનો વિચાર થઇ આવે છે, માટે કુસંગી પુરૂષોની મિત્રતા કરવી નહિ તે ઉત્તમ છે. નઠારા માણસની મિત્રતાથી પ્રતિ મનુષ્યને તન, મન અને ધન સંબંધી નુકશાન થાય છે. મહાન્ અમીરોનું અમીराईપણું અને કુળવાન્ લોકોનું કુલીનપણું નાશ પામે છે, માટે દરેક માણસે એવી સોબતનો ત્યાગ કરવો ઉત્તમ છે. આપણે આ ક્ષણભંગુર, માયાવી, ફાની, જહાન્ ( દુનિયા ) માં કુસંગથી પાયમાલ થઇ ગયેલાઓના ઘણા દાખલાઓ જોઇએ છીએ. વળી જે મનુષ્ય ખરાબ સંગમાં રહે છે તે નરકનો ભોક્તા થઈ પડે છે. અને સદ્વૃત્તિવાળા મનુષ્યોને અહર્નિશ સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોબતમાં રહેવાથી સુખ અને સંતોષ પ્રાપ્ત થાય છે. વળી **सत्संगात् भवति हि साधुता खलानां ॥** ભાવાર્થઃ—(Rogue) ખળપુરૂષ પણ સત્સંગથી સુધરે છે. ઘણાં માણસોને કોઇના સંબંધજ રાખવો ઠીક પડતો નથી. જેમ તેમ કરીને પોતાનો ગુજરો કરી છાપરીમાં ખુણે ભરાઇ રહેવાનુંજ તેને પસંદ પડે છે, પણ જ્યાં સુધી મનની વૃત્તિઓ શાંત થઇ નથી, અને જ્યાં સુધી આશા ઇચ્છાનો અંત આવ્યો નથી, ત્યાં સુધી એકાન્તમાં રહેવું બહુ નુકશાનકારક છે, માણસનો સ્વભાવ એકલા રહેવાનો નથી. માણસથી અળગા થઈ શકાય પણ બીજા સદ્વિચારો મળવાથી ઘણા પ્રકારના ફાયદા આપણને થાય છે તે વિષે એક મહાત્મા પુરૂષ લખે છે કેઃ—

सत्संगेन परं प्राप्य दुस्तरं तरतेऽचिरात् ।
तस्मादपि प्रयत्नेन सत्संगं सततं कुरु ॥

**ભાવાર્થઃ**—" સત્સંગથી પરંપદ પ્રાપ્ત થાય છે, અને અગમ્ય તે પણ ટુંક મુદતમાં મેળવી શકાય છે. તેટલા માટે પ્રયત્નવડે પણ સત્સંગ કરો "

વળી એક ઇંગ્રેજ કવિ કહે છે કેઃ—

Of all pleasures given on earth, the company of the good is best for weariness has never birth in such a commerce sweeet and blest. " ( ગુજરાતી સમજી લેવું. )

વળી ખરાબ મનુષ્યની સોબત માટે મી. Anwar-i-suhaili લખે છે કેઃ—

Sit not with bad man , for their company.
Though thou be sure, will cast a stain on thee.
The sun wtih all its gloriousness of light,
is by a cloudy atom hid from sight.

" દુષ્ટ મનુષ્યની સંગત કરીશ નહિ, કારણકે તેઓની સંગતી, જો કે તું તારા વિચારોમાં મક્કમ હઇશ તોપણ તારી જાતને કલંક લગાડશે. જેમ સૂર્ય, જો કે તેજનો ભરેલો છે ( તેજસ્વી છે ) તો પણ વાદળાંઓના ઘેરાવાથી તે ઢંકાઈ જાય છે."

મુનિ નારદ કહી વ્યાસસેં, પૂર્વ જનમકી બાત;
મુક્ત કહે સતસંગસે, શઠ સુધરત સાક્ષાત.
ધન દોલત સુત જુવતી, રાજ લાજ સુખ કાજ;
મુક્ત કહે એ સબ મીલે, દુર્લભ સંત સમાજ.
સંત બડે પરમાર્થી હે, શીતલ ઉનકો અંગ;
તપત બુજાવે ઓરકી, દે દે અપને રંગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુજ્ઞ પાઠક! ગઇ પળ પાછી આવતી નથી, માટે "જાગ્યા ત્યાંથી સવાર" એમ સમજીને આજથીજ "સત્સંગ" કરવો એવો નિશ્ચય કરજો. ગત વર્ષમાં કુસંગથી જે કાંઇ પાપ બન્યું હોય, તેની પ્રભુ પાસે માફી માગી આજ પળેથી તેવું ન થવા માટે વિચાર કરી કુસંગતનો ત્યાગ કરી, તમારા શુભ અને નિર્મળ વિચાર નુતન વર્ષમાં અમલમાં મુકજો.

શ્રી જૈન બૉર્ડીંગ, ભાવનગર. } ગુલાબચંદ મુલચંદ. બાવિશી. ( ચુડાનિવાસી )

# बारमा व्रत उपर कथा.

મુનિને ચાર પ્રકારના આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતિનું જે દાન દેવું તે **અતિથિ સંવિભાગ** નામનું ચોથું શિક્ષાવ્રત કહેવાય છે. આ બારમા વ્રતનો એક ભાગ પણ શ્રદ્ધાપૂર્વક અત્યંત સેવવાથી **સુમિત્રાની** જેમ ઉન્નતિને માટે થાય છે.

## અતિથિ સંવિભાગ વ્રત ઉપર સુમિત્રાની કથા.

ઇંદ્રના પુરની લક્ષ્મીને નૃત્ય કરવાનું સ્થાન હોય તેવું અને પૃથ્વીના અલંકારરૂપ **શ્રીવસંતપુર** નામનું નગર છે. તેમાં વિક્રમવડે દિશાઓના સમૂહને આક્રમણ કરનાર, પૃથ્વીપર ઇંદ્રસમાન, કૃપાવડે પવિત્ર અને ક્ષત્રિયોમાં શિરોમણિ **વિક્રમ** નામે રાજા હતો. તેને **વસુ** નામે મંત્રી હતો. તે મંત્રીના બુદ્ધિરૂપ વિકસ્વર કમળને વિષે સુખે કરીને રાજ્યલક્ષ્મી રાત્રી દિવસ રહેતી હતી. તે નગરમાં જૈનધર્મને વિષે ધુરંધર તથા કલ્યાણના નિધિસમાન **જિનદાસ** નામે શ્રેષ્ઠી રહેતો હતો, તે રાજાનો અત્યંત પ્રિય હતો. તે શ્રેષ્ઠીએ સુવર્ણ તથા રત્નો અસંખ્ય ઉપાર્જન કર્યાં હતા, તે એટલા બધા હતા કે પૃથ્વીપર તેનાથી ( સુવર્ણથી ) બીજો મેરૂ અને ( રત્નોથી ) બીજો રોહણાચળ પર્વત બનાવી શકાય. 'યક્ષરાજ ( કુબેર ) માત્ર ધનનો અધિષ્ઠાયક જ છે અને એવી પ્રસિદ્ધિને જ માત્ર લાયક છે, પણ જિનદાસ તો ખરો ધનદ ( ધનનો દાતાર ) છે.' એ પ્રમાણે યાચકો તેની સ્તુતિ કરતા હતા. તે શ્રેષ્ઠી **કાશી** નગરીના રહીશ **ધન** નામના **સાર્થવાહની રત્નવતી** નામની પ્રસિદ્ધ પુત્રીને પરણ્યો હતો. વળી તે નગરમાં **લક્ષ્મીધર** નામે એક બ્રાહ્મણ રહેતો હતો, તે જિનદાસનો વિશ્વાસપાત્ર તથા નાના ભાઇની જેમ અત્યંત પ્રિય એવો તેનો મિત્ર હતો. તે વિક્રમ રાજાને મંત્રી, સ્ત્રી, પુત્ર કે બીજો કોઈ પણ જિનદાસની જેટલો પ્રિય નહોતો.

રાજા આ જિનદાસ નામના પોતાના મિત્રને કોઇક દિવસ પણ મંત્રીપદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'આપશે એમ ધારીને રાજમંત્રી ( વસુ ) એ તેને હણવા માટે વિરૂદ્ધ વિચાર કર્યો ચતુરાઇવડે પારકાના ચિત્તને જાણનાર જિનદાસે નેત્ર તથા વચનના વિકારવડે (મંત્રી) ને પોતાનાથી વિરૂદ્ધ છે એમ જાણ્યો. તેથી તેણે તીર્થયાત્રાના મિષ રાજાની રજા લઈ પોતાની પત્ની રત્નવતીને તેના પિતાના ઘર તરફ રવાને કરી મંત્રીએ ચોરના મિષથી તે ( શ્રેષ્ઠી ) ને હણવાની ઇચ્છાવડે તેના ( શ્રેષ્ઠીના ઘરનો માર્ગ પોતાના ચાકરો પાસે રૂંધાવ્યો. તે જાણીને જિનદાસ શ્રેષ્ઠી કર્મ કર ( ચાકર )નો વેષ ધારણ કરી લક્ષ્મીધર મિત્ર સહિત ઉત્તમ ઉત્તમ પ્રભાવવાળ રત્નો લઇને નગરમાંથી નીકળી ગયો. માર્ગને નહીં જાણતો જિનદાસ નિરંત પ્રયાણ કરતો કોઇ અરણ્યમાં આવી પડ્યો, ત્યાં તૃષાએ કરીને તેના નેત્રો અત્યં ચપળ થયા. તેથી વ્યાકુળ થયેલા તેણે પોતાના વસ્ત્રને છેડે બાંધેલો રત્નોનો સમૂ પોતાના જીવિતની જેમ પોતાના મિત્રના હાથમાં આપ્યો. પછી તે બ્રાહ્મણે રત્નના લોભથી કોઈ સ્થાને કુવામાં પાણી જોઇને તેને પ્રેરણા કરી, તેથી તે કુવાપ જઈ પાણી સિંચવા તૈયાર થયો. એટલે તે બ્રાહ્મણે હાથવડે ધક્કો મારી તેં કૂવામાં નાંખી દીધો. **' જીવતા માણસનો ( પ્રાણીનો ) વિશ્વાસ શો ? '**

જિનદાસ શ્રેષ્ઠી કુવામાં પડ્યો ત્યારે તેણે ' કુવામાં આ કોણ પડયું ? એવું વચન સાંભળ્યું', એટલે સ્વર વડે પોતાની પ્રિયા રત્નવતીને ઓળખી તે બોલ્યો કેઃ-" હે પ્રિયા ! તું પણ આ કુવામાં શી રીતે પડી ? તારો પરિવા કયાં ગયો ? અહો ! વિધાતાના વિલસિતને ધિક્કાર છે. " રત્નવતીએ પણ આવ અવસ્થાને પામેલા પોતાના પતિને પોતાની સમીપે જોઇને દુઃખ તથા આનંદ સંકરથી મિશ્રિત થયેલા અશ્રુને પોતાનાં નેત્રોમાં ધારણ કર્યાં. કુવામાં પ પતિના દર્શન થવાથી પોતાના આત્માને ધન્ય માનતી સતીઓના શેખર સમા તે રત્નવતી બોલી કે-" અરણ્યમાં અમે આવ્યા ત્યારે ચોરોએ અમારૂં સર્વ લૂંટી લીધું, અને સમગ્ર પરિવાર જૂદી જૂદી દિશામાં જતો રહ્યો. પછી તે ચો મારા ભોગમાં આસક્ત થયા ત્યારે હું વેગથી દોડીને અહીં કુવામાં પડી. કા ણકે 'સ્ત્રીઓને મરવું શ્રેષ્ઠ છે, પણ શીલનું ખંડન કરવું શ્રેષ્ઠ નથી.' હે પ્રિય યમરાજના મુખ જેવા આ કુવામાં પડ્યા છતાં પણ હું તમારૂં મુખ જોવા તથા બાકી રહેલા ભોગ્ય કર્મથી જીવતી રહી છું. પરંતુ તમારૂં આ કુવા પડવું શી રીતે થયું ? તે કહો. અથવા શું તે દ્વેષી મંત્રીએ વિરોધતાને લી આ કાર્ય કર્યું ? " ત્યારે જિનદાસ બોલ્યો કે-" હે પ્રિયા ! તે સચિવ મ મારવા ઉત્સુક થયો, ત્યારે કર્મકરનો વેષ ધારણ કરીને હું રાત્રીને સમયે ઘ માંથી એકલો જ નીકળી ગયો અને નિરંતર પ્રયાણ કરતો અહીં આવ્યો. અ તૃષાતુર થવાથી આ કુવામાં પાણી જોતાં પગ લપસવાથી અંદર પડ્યો. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે મિત્રની દુષ્ટતા નહીં કહેનારા તે શ્રેષ્ઠીના અત્યંત સત્વને લીધે એ નિર્જળ કુવામાં પણ ( કોઈ ક્ષેત્ર દેવે ) [1]શિરાઓવડે કુવાની નાભિ સુધી જળ ભરી દીધું. તે વખતે વિસ્તાર પામેલા પ્રસ્વેદ, થાક અને તૃષાતુરપણાથી વ્યાકુળ થયેલા તે દંપતી દૂધ જેવા નિર્મળ જલવડે અત્યંત પ્રીતિ પામ્યા. તે વખતે કોઇ પુરૂષે મજબૂત દોરડાથી બાંધેલો ઘડો જાણે તે દંપતીનો પુણ્યકુંભ હોય તેમ પાણીને માટે તે કુવામાં મૂકયો. કુવાની અંદર તે ઘડાને જિનદાસે પકડી રાખવાથી તે બુદ્ધિમાન પુરૂષે કોઈ મનુષ્યને અંદર રહેલા જાણીને બીજા માણસોને ભેગા કરી મૃત્યુના મુખમાંથી કાઢે તેમ તેમને કુવામાંથી કાઢયા. જે વખતે તે બન્ને કુવામાંથી બહાર નીકળ્યા તે વખતે ત્યાં નજીકમાં મોટો સાથ પડેલો હતો, તેમણે 'કુવામાંથી સ્ત્રી અને પુરૂષ નીકળ્યા ' એમ કોલાહલ કર્યો. તે શબ્દ સાંભળીને સાર્થનો નાયક કૌતુકથી તત્કાળ ત્યાં આવ્યો, એટલે પોતાનીજ પુત્રીને પતિસહિત જોઈને તે મનમાં વિસ્મય પામ્યો. જિનદાસે પણ તે ધન નામના સાર્થવાહને જોઈને ' આ મારો સસરો છે ' એમ જાણી આશ્ચર્ય પામીને તેને નમસ્કાર કર્યો. રત્નવતી પણ ' અહો ! ભાગ્યની સુંદરતા કેવી છે ? ' એમ પોતાના મનમાં વિચારીને અત્યંત પ્રીતિપૂર્વક પિતાને નમી. ત્યાર પછી ' આ શું ? ' એ રીતે સાર્થવાહના પૂછવાથી જિનદાસે તેને પોતાનું સર્વ વૃત્તાંત સાદ્યંત નિવેદન કર્યું.

આ રીતે ( અકસ્માત્ )સ્વજનના મેળાપથી જેમની આપત્તિના ઉર્મિઓ નાશ પામ્યા છે, એવા તે ત્રણે અત્યંત પ્રસન્નતા પૂર્વક પટગૃહ (તંબુ) માં જઇને રહ્યા. આ આશ્ચર્યકારક ચરિત્ર જાણે સૂર્યેજ જઇને ચંદ્રને કહ્યું હોય અને તે જોવાનું જાણે ચંદ્રને કૌતુક થયું હોય તેમ સંધ્યા સમયે ચંદ્રનો ઉદય થયો. ત્યાર પછી રાત્રીનું આગમન થયે જિનદાસ શ્રેષ્ઠી જળનું પાત્ર ગ્રહણ કરીને દેહચિંતાને માટે ઘણાં વૃક્ષોને ઉલ્લંઘન કરી આગળ ચાલ્યો. તેવામાં તેણે ચંદ્રની કાંતિથી માર્ગમાં કોઈ સુતેલા માણસને જોયો, અને જેટલામાં તેની પાસે જાય છે તેવામાં પોતાના મિત્ર લક્ષ્મીધરને મરેલો દીઠો. કોઈ પણ સ્થાને ક્ષતવિનાજ તેને મરેલો જોઈને જેને મિત્ર પ્રિય છે એવા તે દુઃખ પામેલા શ્રેષ્ઠીએ તેને સર્પદંશ થયાનો નિશ્ચય કર્યો. પછી તેની પાસેથી પોતાના મણિઓ લઇને તેમાંથી સર્પનો મણિ કાઢયો, અને તે મણિના સ્પર્શથી પવિત્ર થએલા જળવડે સિંચન કરી તેને જીવતો કર્યો. 'ઉપકારીના ઉપર ઉપકાર કરનાર એવા કોને પૃથ્વી નથી ધારણ કરતી ? ( એટલે કે ઉપકારીના પર ઉપકાર કરનારા સર્વે માણસોને પૃથ્વી ધારણ કરે છે ) પરંતુ અપકારી ઉપર પણ જે પુરૂષ ઉપકાર કરે છે તે પુરૂષ વડે તો પૃથ્વી ધારણ કરાય છે. '

1 પાણીની સેરો-ઝરણાંઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી જીવતો થયેલો લક્ષ્મીધર પોતાની પાસે જિનદાસને જોઈ લજ્જા વડે મુખકમળને નમ્ર કરતો તેની સાથેની મિત્રાઈના મિષથી તેને નમ્યો. તે વખતે ઘણા મહાત્મ્યવાળા રત્નવતીના પતિ જિનદાસે અભ્યંતર સ્નેહરૂપ અમૃત સાગરના ઉછળતા કલ્લોલ જેવી વાણીવડે તેને કહ્યું કે—" હે મિત્ર ! હું પગની ખલનાથી કુવામાં પડી ગયો, અને તેથી તેં મારો ત્યાગ કર્યો, તેમાં તું કેમ લજ્જા પામે છે ? શું સ્વજન પણ કોઈની પાછળ મરે છે ? હમણાંજ મને આ અરણ્યમાં ધન સાર્થવાહ મળ્યા છે, તેથી હાલ હું કાશીનગરીએ જવાનો છું માટે હવે તમે તમારા ઘર તરફ જાઓ. " આ પ્રમાણે કહીને જવાની પ્રેરણા કરેલો તે બ્રાહ્મણ લજ્જા પામતો પોતાના ઘર તરફ ગયો, અને જિનદાસ સાર્થવાહની સાથે વાણારસી ( કાશી ) નગરીએ ગયો.

જે વખતે લક્ષ્મીધર વસંતપુર ગયો, તે વખતે રાજા જિનદાસના વિયોગથી દુઃખી થતો હતો. તે વાત જાણીને લક્ષ્મીધરે રાજાની પાસે જઈ જિનદાસનું અને મંત્રીનું સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળીને રાજાએ ક્રોધથી મંત્રીને કારાગૃહમાં નાખ્યો, અને જિનદાસના દેખતાં એને હણવો એમ નિશ્ચય કર્યો. પછી તે રાજા પોતે બે વીર પુરૂષો સહિત વેગવાળી સાંઢપર ચઢીને ગુપ્ત રીતે જિનદાસને મળવા માટે કાશીપુરી ગયો. ત્યાં જિનદાસને મળીને તેને પોતાને નગર લઈ જવા અને મંત્રીપદ આપવા આગ્રહ કર્યો. પણ ' તે મંત્રીને જ મંત્રી કરવો છે ' એમ નિશ્ચય કરીને ધર્મની બુદ્ધિવાળો જિનદાસ પોતાની પ્રિયા સહિત રાજાની સાથે વસંતપુર ગયો. ત્યાં બુદ્ધિમાન એવા તેણે રાજા પાસેથી સર્વ ઐશ્વર્ય ગ્રહણ કરીને તે અપકારી સચિવને જ મંત્રી પદ આપ્યું. કારણકે ' ઉપકારી પુરૂષો પરનો દ્રોહ કરતા જ નથી. '

એકદા વનપાળે આવીને રાજાને વધામણી આપતાં કહ્યું કે-" ઉદ્યાનમાં તપસ્યા કરનારા **શંકર** નામના મુનિને કેવળ જ્ઞાન થયું છે. " તે સાંભળીને વનપાળને પ્રીતિદાન આપી વિક્રમ રાજા જિનદાસ સહિત ઉદ્યાનમાં ગયો. " ધર્મના અગ્રેસરો એવાજ હોય છે. " ત્યાં મુનિને વંદના કરી તથા તેમનો ઉપદેશ સાંભળીને પછી રાજાએ પૂછ્યું કે-" હે પ્રભુ ! મારા મિત્ર જિનદાસને આપત્તિ સહિત સંપત્તિ કેમ પ્રાપ્ત થઈ ? " તે સાંભળીને જ્ઞાનરૂપી અમૃતના સાગર સમાન તે મુનિ દાંતની કાંતિરૂપ કલ્લોલવડે તેના પુણ્યની વેલારૂપ વનને આર્દ્ર કરતા સતા બોલ્યા કે—

**કોશાંબી** નગરીમાં પોતાની માતાપર ભક્તિમાન **દત્ત** નામે ધનાઢ્ય વણિક રહેતો હતો. તેની માનું નામ **સુમિત્રા** હતું, તેને **જયા** નામની પત્ની હતી. એકદા સુમિત્રાએ પોતાના પુત્રને કહ્યું કે-' ગૃહસ્થીઓનો મુખ્ય ધર્મ દાનજ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ પ્રગટ રીતે ગુરૂની વાણી છે.' તે સાંભળીને બુદ્ધિમાનને વિષે શ્રેષ્ઠ એવા તે દત્તે પોતાની માતાનું ચિત્ત દાન દેવામાં ઉત્સુક છે એમ જાણી આનંદથી પત્નીસહિત તેણીને નમનપૂર્વક વિજ્ઞપ્તિ કરી કે-"હે માતા ! વિધિપ્રમાણે સુપાત્રને વિષે તેમજ દયાને પાત્ર એવા દીનાદિકને વિષે તમે જાતેજ યથેચ્છ દાન આપો. તમારી કૃપાથી આપણા ઘરમાં ધન તથા ધાન્ય ઘણું છે." તે સાંભળીને નિયમ લેવાથી સારૂં ફળ મળે છે એમ ધારીને તે સુમિત્રાએ આ પ્રમાણે અભિગ્રહ લીધો કે-'હું હમેશાં વિધિપૂર્વક ઇચ્છિત દાન આપીને પછી ભોજન કરીશ.' ત્યાર પછી પુત્ર અને વહુની અનુમોદનાથી યુક્ત એવું દાન આપતી તે સુમિત્રાએ આનંદથી કેટલોક કાળ વ્યતીત કર્યો.

એક વખત નિમિત્તિયાએ આવીને અત્યંત ભયંકર અનાવૃષ્ટિ થશે એમ કહ્યું અને સર્વ દેશમાં દુષ્કાળ પડ્યો, ત્યારે જયાએ દત્તને આ પ્રમાણે કહ્યું કે-"હે કુટુંબના આધારભૂત પતિ ! મૂળથીજ ( પહેલેથીજ ) આ દુકાળ ભયંકર છે, અને તમારૂં ઘર છોકરાંઓથી ભરપૂર છે. માટે માતાને દાન દેતાં નિવારણ કરો." તે સાંભળીને દત્તે તરતજ સુમિત્રા માતાને દાન દેવાનો નિષેધ કર્યો. કેમકે 'સ્ત્રીઓથી જીતાયેલા પુરૂષો નિઃસત્વપણાને પણ અંગીકાર કરે છે.' પછી સુમિત્રાએ પોતાનો નિયમ ( અભિગ્રહ ) સંભારીને મનમાં નિશ્ચય કર્યો કે-'હું ભોજનમાત્રનું પણ દાન કર્યા વિના પ્રાણનો નાશ થાય તોપણ જમીશ નહીં.' પછી સત્ત્વના મોટા નિધિસમાન તે સુમિત્રાને આઠ ઉપવાસ થયા. ત્યારે અપયશથી શંકા પામેલી જયાએ તે વૃત્તાંત દત્તને જણાવ્યું. તે સાંભળીને નવમે દિવસે દત્તે બંધુઓ ( સગા વહાલા ) સહિત અત્યંત આગ્રહ કરી માતાને ભોજન કરવા બેસાડી. તે વખતે તે વિચાર કરવા લાગી કે-"પુત્ર પોતેજ મારા ભોજનના ત્યાગનું કારણ જાણે છે, છતાં મારી પાસે કાંઇ પણ દાન દેવરાવતો નથી, તો મારા દુષ્કર્મ (અભાગ્ય) ના વિલાસને ધિક્કાર છે. તો હવે આ મારૂં ભોજન અત્યારે કોઇને પણ આપું તો મારો નિયમ શ્લાઘ્ય ( વખાણવા લાયક ) થાય અને મારો પુત્ર અશ્લાઘ્ય ન થાય." આ પ્રમાણે તે વિચાર કરતી હતી, તેવામાં તત્કાળ ત્યાં કોઇ મુનિ મહારાજ પધાર્યા, તેમને જાણે પોતાનો મૂર્તિમાન પુણ્યસમૂહ હોય તેમ સુમિત્રાએ જોયા. તરતજ આનંદાશ્રુ સહિત તેણીએ-'હે મુનિ ! આ વિશુદ્ધ આહારને આપ ગ્રહણ કરો અને મારા ઉપર અનુગ્રહ કરો.' એમ બોલીને તે મુનિને પ્રતિલાભ્યા. તે સુપાત્ર દાનથી શાશનદેવતા ગંધાંબુ અને પુષ્પોની વૃષ્ટિ કરીને બોલી કે—"હે સુમિત્રા ! તું ધન્ય છે કે જેણીએ માસના ઉપવાસવાળા મુનિને પારણું કરાવ્યું છે. આવી રીતના તારા સત્વથી ઉત્પન્ન થએલા દાનના પ્રભાવથી વૃષ્ટિનો પ્રતિબંધ કરનારા ગ્રહો શાંત થયા છે." આ પ્રમાણેની દીવ્ય ( દેવતાની ) વાણી થઇ કે તરતજ દુર્ભિક્ષનો નાશ કરનાર મેઘ વરસવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો. આ પ્રમાણે જોઇને રાજાએ તથા પૌરજનોએ અક્ષતના પાત્ર હસ્તમાં ધારણીને મહોત્સવ કર્યો, અને દત્તે જયાસહિત માતાને નમસ્કાર કરી ખમાવી. ત્યાર પછી ત્રણેએ શ્રદ્ધાપૂર્વક નિરંતર શુદ્ધ ધર્મ સેવ્યો. પ્રાંતે આયુષ્ય પૂર્ણ કરીને આ જન્મમાં સુમિત્રાનો જીવ તું રાજા થયો, દત્તનો જીવ જિનદાસ થયો અને જયાનો જીવ રત્નવતી થયો. દાનનો નિષેધ કરવાથી તારા મિત્રને એકવાર આંતરાવાળી લક્ષ્મી પ્રાપ્ત થઇ.

આ પ્રમાણે પોતાના પૂર્વભવ સાંભળીને તે ત્રણેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી તેઓ ગુરૂને નમીને નગરમાં ગયા. પછી તે રાજા વિગેરે ત્રણે જણા ધર્મધ્યાનમાં તત્પર થઇને છેવટ મહોદય ( મોક્ષપદ ) ને પામ્યા.

હે ભવ્ય પ્રાણીઓ ! આ પ્રમાણે સુમિત્રાનું મનોહર દૃષ્ટાંત સાંભળીને કલ્યાણનું પરમોત્કૃષ્ટ સ્થાન અતિથિ સંવિભાગ નામનું બારમું વ્રત તમે સેવો.

। इत्यतिथिसंविभागव्रतविचारे सुमित्रा कथा ।

# पुस्तकनी पहोंच अने अवलोकन.

## શ્રી પર્યુષણ મહાપર્વ મહાત્મ્ય.

યોજક—મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી.

પ્રકાશક–શ્રીજૈન શ્રેયસ્કર મંડળ. મેસાણા.

**કિંમત–યોગ્ય સ્થાને મફત. ગ્રાહક માટે આઠ આના.**

**( સાણંદ–વિજયઅણસુરગચ્છના આગેવાનોના જ્ઞાનદ્રવ્યથી )**

પ્રારંભમાં નિવેદન, યશોવિજય સ્તુત્યષ્ટક ને પ્રસ્તાવના આપ્યા પછી ગુરૂ પ્રદક્ષિણા કુલક, સંવિજ્ઞ સાધુ યોગ્ય નિયમ કુળક, પુણ્ય કુળક, દાન કુળક, શિળ કુળક, તપ કુળક ને ભાવ કુળક. એ સર્વે કુળકો અર્થ સાથે આપ્યા છે, ત્યાર પછી પર્યુષણની અષ્ટાન્હિકાનું વ્યાખ્યાન જેનું બીજું નામ **પર્યુષણ ચિંતામણિ પ્રકરણ** છે તે બાળાવબોધ રૂપે આપ્યું છે. તેની અંદર પર્યુષણમાં કરવાના ૧૧ કૃત્યો સવિસ્તર બતાવ્યા પછી એ પર્વનું આરાધન કરનાર **ગજસિંહ કુમારની** કથા ઘણી રસીક અને વિસ્તૃત છે. આ વ્યાખ્યાનનો પ્રચાર થોડો છે, પણ ખાસ કરીને વાંચવા લાયક છે. પર્યુષણના પ્રથમના ત્રણ દિવસો એ વ્યાખ્યાન વાંચીને પૂર્ણ કરવાનું છે.

કલ્પધરના દિવસથી શ્રાવકે વાંચવા યોગ્ય **શ્રી જ્ઞાનવિમળસૂરિએ** ઢાળો બનાવી છે અને તેની ઉપર **શ્રી ઉદયસાગર ગણિએ** બાળાવબોધ કરેલ છે. તેમાં કેટલોક ભાષા વિગેરેમાં સુધારો કરીને આ બુકમાં છપાવવામાં આવેલ છે. તેની અંદર પર્યુષણના ચોથાથી સાતમા સુધીના ચાર દિવસોએ વાંચવાના આઠ વ્યાખ્યાન સહજ ક્રમ ફેરવીને નીચે પ્રમાણે ઠરાવેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ લું વ્યાખ્યાન— નમુથ્થુણં પૂરૂં. મેઘકુમારની કથા સાથે.
૨ જું ,, — ચાર સ્વપ્નના વર્ણન પર્યંત.
૩ જું ,, — સ્વપ્નપાઠકનું સ્વપ્નના અર્થ કહ્યા પછી વિસર્જન કર્યા સુધી.
૪ થું ,, — વીર પરમાત્માનો જન્મ.
૫ મું ,, — વીર પરમાત્માએ ગ્રહણ કરેલી દીક્ષા.
૬ ઠું ,, — વીર પરમાત્માનું મોક્ષ ગમન.
૭ મું ,, — પાર્શ્વનાથ, નેમિનાથ ચરિત્ર અને દરેક પ્રભુનું અંતર.
૮ મું ,, — ઋષભદેવ ચરિત્ર ને બહુજ સંક્ષેપે સ્થવિરાવળી.

આની અંદર સમાચારી બીલકુલ આપીજ નથી. સ્થવિરાવળી નામ માત્ર પણ પૂરી આપી નથો. બાળાવબોધકારે ગણધરવાદ બહુ સંક્ષિપ્ત આપેલ હોવાથી આ બુકના યોજક મુનિરાજે જરા વિસ્તારથી જુદોજ તે સાથે આપેલો છે. સઝા-યકાર શ્રી જ્ઞાનવિમળસૂરિએ પ્રાંતે શ્રી સુધર્માસ્વામીથી ૬૨ મી પાટે પોતે થયા ત્યાંસુધીની પટ્ટાવળી છેલ્લી ૧૬ મી ઢાળમાં આપી છે.

બુકની અંદર બાળાવબોધયુક્ત સઝાયો પૂર્ણ થયા પછી પઠનપાઠન કર-વામાં ઉપયોગી થવા સારૂ તે બધી સઝાયો મૂળ માત્ર ફરીને આપેલી છે. શ્રાવ-કોએ પર્યુષણના આઠમા (સંવચ્છરીને) દિવસે બારસેને બદલે તે વાંચવાનો ઉપયોગ કરવો. ત્યાર પછી શ્રી મહાવીર સ્વામીના પંચકલ્યાણકનું ૧૨ ઢાળવાળું પ્રાચીન સ્તવન, ત્રણ ઢાળવાળું શ્રી રામવિજયજી કૃત સ્તવન, વીરપ્રભુના પાંચ વધાવા અને પ્રાંતે કેટલાક ઉપયોગી પ્રકીર્ણ વિચારો, તત્ત્વવચનો વિગેરે લખી બુક પૂર્ણ કરી છે.

આ બુક તૈયાર કરવામાં બહુજ ઉપયોગી પ્રયાસ કર્યો છે. તેને માટે મુનિરાજશ્રી કર્પૂરવિજયજીને પૂર્ણ ધન્યવાદ ઘટે છે. જ્યાં મુનિરાજ ચતુર્માસ રહેલા ન હોય ત્યાં પર્યુષણને માટે આ બુક ખાસ ઉપયોગી છે. નાના ગામોમાં આ બુક એક ઉપયોગી સાધન થઈ પડે તેવી છે. તેવાં ગામોને માટે ભેટ આપવાનો પ્રબંધ કર્યો છે તે પણ બહુ યોગ્ય કર્યું છે. બીજા ખરીદ કરનાર માટે કિંમત આઠ આના રાખી છે તે પણ બુકના પ્રમાણમાં સ્વલ્પ છે. બુક સોળપેજી ૩૦ ફારમની છે. ટાઈપ ગુજરાતી છે. પુંઠા મજબુત છે. ગુજરાતીજ વાંચી જાણનાર માટે આ બુક ખાસ ઉપયોગી છે.

આ પ્રસંગે એક સૂચના ખાસ કરવા યોગ્ય જણાય છે કે માગધી કે સ્કૃત ગાથા કે શ્લોક અથવા ગદ્ય લખાણ ગુજરાતી ટાઇપમાં શોભતું જ નથી અને પૂર્ણ શુદ્ધ છપાતું પણ નથી, તેથી ગુજરાતી બુકમાં પણ માગધી કે સંસ્કૃત ભાષાનું ગદ્ય કે પદ્ય લખાણ તો શાસ્ત્રી ટાઇપમાંજ આપવું. એમાંજ તેની શુદ્ધતા ને શોભા છે. એટલું પણ શાસ્ત્રી નહીં વાંચી જાણનારને તે ઉપયોગી પણ શું છે? તેથી આ સૂચના ઉપર દરેક બુક છપાવનારે ધ્યાન આપવા વિનંતિ છે.

આ બુક ખાસ ઉપયોગી જાણીને તેની નોંધ વિસ્તારથી લેવામાં આવી છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગરમાં ઉપધાન–તન્નિમિત્ત મહોત્સવ.

પ્રસ્તુત વર્ષમાં ઉપધાનવહન ક્રિયા–માળારોપણ ક્રિયા અને તે નિમિત્તના મહોત્સવો વિશેષ સંખ્યામાં પ્રવર્ત્યા છે. પ્રથમ આશ્વિન વદિ ૧૨ ના મુહૂર્ત્તે સાણંદ, ભરૂચ અને બારડોલીમાં ઉપધાન વહેવાની શરૂઆત થઇ હતી. ભાવનગરમાં પણ તેજ મુહૂર્ત્તે ઉપધાન શરૂ થવાના હતા, પરંતુ સાંસારિક અનિવાર્ય ઉપાધિના કારણથી તે મુહૂર્ત્ત ફેરવવું પડ્યું હતું અને કાર્તિક શુદિ ૧૦ નું મુહૂર્ત્ત લઇ તે દિવસથી ઉપધાન વહેવાની શરૂઆત શ્રીમાન્ આત્મારામજી મહારાજ કે જેઓનું બીજું નામ શ્રી વિજયાનંદ સૂરીશ્વર પણ હતું, તેમના પરિવારના ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી અને પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજના હસ્તથી કરવામાં આવી હતી. એજ મુહૂર્ત્તે શ્રી શીહોર અને મહુવામાં પણ શરૂઆત કરવામાં આવી હતી, પરંતુ અન્ય સર્વસ્થળો કરતાં ભાવનગરમાં સવિશેષપણું બે પ્રકારે હતું. એક તો ઉપધાન વાહકોની સંખ્યા બીજા સ્થળ કરતાં વધારે હતી એટલે કે એકંદર ૩૨૫ સ્ત્રી પુરૂષો ઉપધાન વહેવા માટે દાખલ થયા હતા. જેની અંદરથી અન્ય કાર્ય પરત્વે (૧૦) સ્ત્રીઓ અને પુરૂષો અમુક અમુક દિવસો રહીને નીકળી ગયા હતા અને બાકીના સર્વેએ પોતપોતાના શરૂ કરેલાં ઉપધાન અખંડ પૂર્ણ કર્યાં હતા. બીજી બાબત આ કાર્ય કરાવવાનો તમામ ભાર શા. આણંદજી પુરૂષોત્તમવાળા તરફથી ઉપાડી લેવામાં આવ્યો હતો અને તેમણે શ્રી સંઘનો આદેશ મેળવી પોતાના નામથી સર્વત્ર કંકોત્રીઓ લખી હતી. તે આમંત્રણને માન આપી ચુડા, મહુવા, તળાજા, પાલીતાણા, શીહોર, પાલી વિગેરે સ્થળોએથી કેટલાક સ્ત્રી પુરૂષો ઉપધાન વહેવા આવ્યા હતા.

પ્રારંભની નંદી કાર્તિક શુદિ ૧૦ સે માંડવામાં આવી હતી અને ત્યાર પછી શુદ ૧૨ ને શુદ ૧૪ શે પણ માંડવામાં આવી હતી. એકંદર દાખલ થએલા ૩૨૫ ઉપધાનવાહકો પૈકી ૩૦૨ સ્ત્રીઓ અને ૨૩ પુરૂષો હતા. તેમાં ૨૩૮ પ્રથમ ઉપધાનવાળા, ૬૬ પાંત્રીશાવાળા એટલે ત્રીજા શક્રસ્તવના ઉપધાન વહેનારા અને ૨૧ અઠ્ઠાવીશાવાળા એટલે પાંચમા નામસ્તવના ઉપધાન વહેનારા હતા. પાંત્રીશા અઠ્ઠાવીશાવાળાઓએ તો પ્રથમ માળ પહેરેલી હોય છે તેથી તે સિવાયના કુલ ૨૨૬* સ્ત્રી પુરૂષો એ મુકરર કરેલા માગશર વદિ ૧૧ ના દિવસે અને ત્યાર પછી માળ પહેરી હતી. માગશર વદિ ૦)) અમાસે પ્રાયે સર્વે સ્ત્રી પુરૂષો ઉપધાનમાંથી નીકળ્યા હતા.

* પ્રથમ ઉપધાનવાળા ૨૩૮ માંથી ૧૦ નીકળી ગયા ને બેને ઉપધાન પૂરા ન થવાથી પહેરેલી બાકી રહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શુભ પ્રસંગ ૫૧ દિવસ ચાલ્યો તેની સર્વનીઅંદર શારીરિક તંદુરસ્તી ગુરૂ કૃપાથી બહુ સારી જળવાઈ રહી હતી.

ઉપધાનવાહકો માટે રહેવાની જગ્યા, સ્થંડીલની જગ્યા અને ક્રિયા કરવાની જગ્યા વિગેરેની સગવડ સમવસરણના વંડાને નામે ઓળખાતા મકાનમાં આદેશ લેનાર ગૃહસ્થ તરફથી તમામ પ્રકારની કરવામાં આવી હતી. દરેક સ્થળે ચંદુઆ બંધાવ્યા હતા, નામવગરના જમવાના વાસણોની સગવડ કરી હતી. ઉપરાંત ઔષધોપચારની, વૈદ્યની તેમજ બીજી જે જે સગવડો જોઈએ તે નોકરો રાખીને તેમજ જાતે હાજર રહીને તેમના તરફથી કરવામાં આવી હતી.

ઉપધાન વાહકોને પ્રથમના બે ઉપધાન અઢાર [illegible] વહેવના છે તેમાં એકાંતરે ઉપવાસ ને એકાશન કરવાનું હોય [illegible] અંદર તેમની યથાયોગ્ય સારી રીને ભકિત કરવામાં આવે છે; એ [illegible] ટોળીઓમાં એક આંબેલની અને બાકીની ૧૭ એકાસણાની ટોળી [illegible] મજ ત્યાર પછી ચોથા ને છઠ્ઠા બે ઉપધાનના ૧૧ દિવસોમાં ૮ આંબેલની ટોળી પૈકી અગ્રણી ગૃહસ્થના હાથમાં બહુ અલ્પ ભાગ રહ્યા હતો. શ્રીસંઘના અનેક ગૃહસ્થોએ તે કાર્યમાં પોતાની ઉદારતા બતાવી ટોળીઓ કરી હતી. ઉપરાંત અનેક જાતિની વસ્તુઓની લ્હાણીઓ થઈ હતી. ઉપધાન પૂર્ણ થતાં પારણાં તેમજ પાછળથી દાખલ થયેલા ઉપધાન વાહકોની પ્રાંત ભાગ પર્યંત ભક્તિ મુખ્ય ગૃહસ્થ તરફથી કરવામાં આવી હતી. આવા ઉચ્ચ ક્રિયાના અને ઉત્કૃષ્ટ તપના કરનારાઓની ભકિત કરવી તે પૂરા ભાગ્યયોગેજ પ્રાપ્ત થાય છે.

ઉપધાન પ્રસંગની પૂર્ણાહુતિ ઉપર શા. આણંદજી પુરૂષોતમ તરફથી જ અષ્ટાન્હિકા મહોત્સવ કરવામાં આવ્યો હતો. તે પ્રસંગની કુંકુમ પત્રિકા પણ તેમણે લખી હતી. એ મહોત્સવ શહેરના મોટા દેરાસરમાં કરવામાં આવ્યો હતો. ત્યાં પ્રથમ શ્રી સંઘ તરફથી **પાવાપુરીની** રચના કરવામાં આવી હતી; તે કાયમ રાખી તદુપરાંત **પાંચ અનુત્તર વિમાનની**–અંદર રહેલા સિદ્ધાયતન યુક્ત આકાશમાંથી ઉતરતી અતિ સુંદર રચના કરવામાં આવી હતી. પાંચે સિદ્ધાયતનોમાં ચોમુખ બિંબો પધરાવ્યા હતા. રોશની વખતે જાણે આકાશમાં અધર રહેલા વિમાનોજ હોય તેવો ભાસ થતો હતો. આ રચના પ્રથમ કોઈ પણ સ્થળે થયેલી ન હોવાથી અને તેનો દેખાવ આકર્ષક થયેલો હોવાથી દર્શન કરનારાઓના ચિત્ત બહુ પ્રસન્ન થતા હતા. સર્વાર્થસિદ્ધ વિમાનમાં રહેલા દેવો પૈકી એક દેવનું ચિત્ર તેની શય્યા અને ચંદુઆ સહીત જુદું બતાવવામાં આવ્યું હતું. ત્યાં પણ જોનારાઓ સ્થિર થઈ જતા હતા.

---

૧ ઉપધાન સંબંધી તમામ હકીકત સમજાવે તેવી એક બુક અમારા તરફથી તૈયાર [illegible] આવી છે, જે થોડા વખત પછી બહાર પડનાર છે–તે ખાસ વાંચવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરાંત અનેક પ્રકારના હસ્તિ, વ્યાઘ્ર, સિંહ, અશ્વ વિગેરે વાહનો ઉપર બેઠેલા જિન સ્નાત્ર મહોચ્છવ પ્રસંગે આકાશથી ઉતરતા દેવતાઓના ચિત્રો અધર ટાંગેલાં હતાં. તે સાક્ષાત્ દેવો આવતા હોય એવોજ ભાસ આપતા હતા. દેરાસરને દરવાજે જર્મનસીલવરના વાસણોની કમાન કરવામાં આવી હતી અને નાકા ઉપર પીતળના વાસણોનો દરવાજો બનાવવામાં આવ્યો હતો. તે જોવા માટે અનેક મનુષ્યોની ઠઠ મળતી હતી. રાત્રીને વખતે તો આવવા જવાનો માર્ગ પણ સંકુચિત લાગતો હતો.

મહોત્સવની શરૂઆત માગશર વદિ ૮ થી કરવામાં આવી હતી. પાલીતાણાથી પૂજા ભણાવનારા અનુભવી જૈનબંધુઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેથી પૂજામાં રંગ સારો આવતો હતો. વદ ૧૦ મે માળનો અપ્રતિમ વરઘોડો ચડવાનો હતો. પરંતુ દૈવયોગે ભાવનગર દરબારશ્રીના નાનાભાઈ પ્રીન્સ મંગળસિંહજીનું તેજ સમયે મરણ થવાથી ચઢાવી શકાયો નહોતો. વાજીંત્રો વિગેરે પણ બંધ રાખવામાં આવ્યા હતા. અને સાદી રીતે તમામ માળો મુખ્ય ગૃહસ્થને ઘરે પધરાવવામાં આવી હતી. તમામ ઉપધાનવાહકો રાત્રીએ તેમને ત્યાં રહ્યા હતા અને જિનભક્તિના સ્તવનાદિ ગાવાવડે રાત્રી જાગરણ કર્યું હતું. વદિ ૧૧ શે સમવસરણના વંડાના ચોકમાં ઉભા કરાવેલા અગિયાણાની અંદર ઉપધાન વહન કરનારાઓને માળારોપણની ક્રિયા ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી તથા પંન્યાસજી શ્રી દાનવિજયજીના હસ્તથી કરવામાં આવી હતી. પ્રથમ માળા શા. આણંદજી પુરૂષોત્તમની વિધવા બાઈ માણેકે પહેરી હતી. ત્યાર પછી ઉત્તરોત્તર ઉછામણી બોલાવીને આદેશ આપ્યા પ્રમાણે (૫૫) માળ પહેરવામાં આવી હતી. બાકીની માળ એક સાથે પહેરાવવામાં આવી હતી. માળની ઉછામણીની રકમ પણ સારી ઉપજી હતી. માળ પહેર્યા પછી માળા પહેરેલા સ્ત્રી પુરૂષો માળસહિત મુખ્ય દેરાસરે દર્શન કરવા ગયા હતા. તે વખતની શોભા પણ અપૂર્વ લાગતી હતી. માત્ર વાજીત્રનીજ ખામી જણાતી હતી.

વદિ ૧૩શે જળયાત્રાનો વરઘોડો ઘણા આડંબર સહિત ચઢાવવાનો હતો પરંતુ તે ઉપર જણાવેલા શોક પ્રસંગને લીધે બંધ રાખવામાં આવ્યો હતો. તે દિવસે મુખ્ય ગૃહસ્થ તરફથી નવકારશીનું સ્વામીવચ્છળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને અંગે માળારોપણાદિ ક્રિયામાં ભાગ લેવા બહારગામથી મોટી સંખ્યામાં માણસો એકત્ર મળ્યું હતું, તેમનો લાભ પણ સ્વામીવચ્છળકારકને મળી શકયો હતો.

☛ આઠે દિવસ જુદી જુદી પૂજાઓ ભણાવવામાં આવી હતી. પાલીતાણેથી આવેલા ગૃહસ્થોની મહેનતથી શ્રી નંદીશ્વર દ્વીપનું મંડળ પૂરવામાં આવ્યું હતું. ઉપાધ્યાયજી મહારાજની ગાયનના વિષયમાં સારી પ્રવીણતા હોવાથી પૂજામાં સારો રંગ જામતો હતો. મહોત્સવની સમાપ્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અતિ ઉત્તમ શુભ પ્રસંગ ઉપર પધારવા માટે આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિને આમંત્રણ કરવામાં આવ્યું હતું. તેઓ સાહેબ માગશર વદિ ૧ મે પધાર્યા હતા, પરંતુ શીહોરમાં પણ અહીંની સાથેજ મહોત્સવ હોવાથી તેઓ સાહેબ વદિ ૫ મે શીહોર પધાર્યા હતા.

ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજ અશાડ શુદિ ૪ થે ભાવનગર પધાર્યા હતા. તેઓ સાહેબ છ મહિના ભાવનગરમાં રહ્યા તે અરસામાં શાસનોન્નતિના અનેક કાર્યો થવાથી તેઓ સાહેબ પણ બહુ પ્રસન્ન થયા હતા અને શ્રી સંઘને પણ તેમના પધારવાથી અનેક પ્રકારનો પ્રશસ્ત લાભ પ્રાપ્ત થયો હતો. તેઓ સાહેબના ભાવનગર પધારવાની હકીકત લખતાં અમે લખ્યું હતું કે ‘ આખા ચાતુર્માસમાં તેઓ સાહેબના પધારવાથી જે જે લાભો થશે તેનો સરવાળો આપણે પ્રાંત સમયે કરી શકશું. ’ તે સરવાળો હવે થઇ શકે તેમ છે, કારણકે પોસ શુદિ ૫ મે તેઓ સાહેબે ભાવનગરથી વિહાર કર્યો છે. પરંતુ તે સરવાળો કરતાં તેની અંદર એક રકમ ઉમેરવાની રહે છે અને તે એ છે કે–મહારાજશ્રીના વિહાર કરવાના સમયને અનુલક્ષીને શા. ઝવેરભાઈ ભાઇચંદના સુપુત્રો ફતેહચંદ ઝવેરચંદ વિગેરે તરફથી શ્રી સિદ્ધાચળનો છરી પાળતો સંઘ કાઢવામાં આવ્યો છે. તેની અંદર મોટી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ ગયેલ છે. ઉપધાનવાહકોએ તેમાં સારી પૂરતી કરી છે. ઉપાધ્યાયજી મહારાજ પણ પોતાના સર્વ પરિવાર સહિત સાથે પધારેલા છે. આ તેઓ સાહેબના ભાવનગર નિવાસનું છેવટનું ઉત્તમ કાર્ય છે. આશા છે કે ઉપાધ્યાયજી મહારાજ સિદ્ધાચળની યાત્રાનો પરમ લાભ મેળવી પાછા ભાવનગર પધારવા કૃપા કરશે અને તેમના આગમનની અત્યંત ચાહના ધરાવનારા ભાવનગરના શ્રી સંઘના ચિત્તને પરમ આલ્હાદ ઉપજાવશે. તથાસ્તુ.

## ખોરાક માટે હિંદુસ્થાનમાં જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું.

સવિનય વિનંતિ કે:—મનુષ્યના ખોરાક માટે જાનવરોની કતલ થવાથી તેઓની ઉપર કમકમાટ ઉપજે તેવું ઘાતકીપણું ગુજરે છે તેનું દીગ્દર્શન દયાળુ ઇંગ્રેજ બાનુઓ અને ગૃહસ્થોએ કરાવેલું હોવાથી તેના પરિણામમાં ઇંગ્લંડમાં દયાળુ મંડળીઓ સ્થપાવા લાગી છે કે જેઓ આવું ઘાતકીપણું અટકાવવા માટે કાયદાઓ પસાર કરાવવાનો યત્ન કરે છે.

દયાળુ વાંચનારાઓ કે જેઓએ હિંદુસ્થાનના કોઇ પણ ભાગમાં રેલવે ટ્રેનોમાં, વહાણોમાં, બજારમાં અને કસાઇખાનાઓમાં જાનવરો પ્રત્યે કોઇપણ [illegible] જોયેલી હોય તેઓને હું અરજ કરૂં છું કે જો તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વિષે મને લખી જણાવવાની મહેરબાની કરશે તો તેવા સઘળા અભિપ્રાયો મને મળ્યા બાદ તે પ્રસિદ્ધ કરીને આવાં ઘાતકીપણાંઓ બની શકે તેટલા પ્રમાણમાં ઓછાં કરવાની મહેરબાની કરવા માટે તેનું એક પુસ્તક નામદાર યુરોપીયન અમલદારો તથા દેશી રાજ્યકર્તાઓની હજુર રજુ કરવાનો હું ઈરાદો રાખું છું.

બિચારાં લાખો ગરીબ, મુંગા, નિરાધાર અને નિર્દોષ પ્રાણીઓ કે જેઓને આ દેશમાં વિના વાંકે ત્રાસદાયક ઘાતકીપણાં સહન કરવાં પડે છે તેમાંથી તેમને બચાવી લેવાની આ એક પરોપકારી બાબત હોવાથી દયાળુ વાંચનાર ગૃહસ્થો મ્હારી નમ્ર વિનંતિ ઉપર ધ્યાન આપવાની મહેરબાની કરે એવી હું તેઓને પ્રાર્થના કરૂં છું.

શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ ઓફીસ.
શરાફ બજાર, મુંબઈ

**લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરી.**
ઑનરરી મેનેજર.

---

## શ્રી મુંબઈ જૈન મહિલા સમાજ.

આથી સર્વે જૈન બહેનોને ખબર આપવામાં આવે છે કે આ સમાજની દેખરેખ નીચે એક પ્રદર્શન સંવત ૧૯૭૧ ના માહ શુદ ૫ થી પાંચ દિવસો માટે ખુલ્લું મૂકવામાં આવનાર છે. તેમાં આપણી જૈન બહેનોના પોતાના હાથે કરેલા ઝીક, કસબ, ભરત, શીવણ, ગુંથણ આદિના નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવશે.

આ નમૂનાઓ તપાસી, ઉત્તમ કામ કરનારી બહેનોને સમાજ તરફથી ઇનામો આપવામાં આવશે; તેથી સર્વ જૈન બહેનોને વિનંતિ છે કે માહ શુદ ૨ પહેલાં તેઓએ નામ, ઠેકાણું તથા આશરે કિંમત લખેલી ચિઠ્ઠી ચોડી પોતાના હાથે કરેલા નમુનાઓ નીચે સહી કરનારને મોકલી આપવા. નમૂનાઓની પહોંચ આપવામાં આવશે અને પ્રદર્શન ખલાસ થયે તે નમૂનાઓ તેના માલીકને પાછા સોંપી દેવામાં આવશે. આપણી બહેનોમાં ઉત્સાહ વધે તેવા ખાસ હેતુથી ઉપર પ્રમાણે યોજના રાખવામાં આવેલ છે; તો આશા છે કે સર્વે બહેનો અમોને આ કાર્યમાં ઉત્તેજન આપશેજ.

શ્રી મુંબઈ જૈન મહિલા સમાજ
પાયધુની, મુંબઇ.

**માનબાઈ દેવજી.**
ઑ. સેક્રેટરી.

---

## નવા લાઇફ મેમ્બર.

શા. કુંવરજી ખીમચંદ—કાંગધરા.

For Private And Personal Use Only